

SWARGA ROHAN
DANTA
PH.

# અધ્યાત્મ

વર્ષ : ૧ અંક : ૪ જાન્યુઆરી-૧૯૮૦

*With Best Compliments from :*

# M/s. N. I. Patel & Co.

**Engineers & Contractors**

5/359, Bhajiwadi Pole
Barampuri Bhagal : SURAT - 1

*Dealing in :*

**M. S. Bar, Angles, Sheets & Stockist of Cement**

Phone : Office 28742, Resi. 27934



મહાત્મા શ્રી યોગેશ્વરજી

## યાદ રાખજો પ્રીત

શ્રી યોગેશ્વરજી

અમારી યાદ રાખજો પ્રીત !

નીરસ લાગે ભલે તમોને હોયે ભલે લગાર,
મૂલ્ય અમારે મન તો મોટું અંગનું એકલ ચીર.
અમારી...

રંક અમારે મુક્તામણિ, અમૃત તૃષાભર્યા અમને,
સ્વર્ગ અમારે પારિજાત એ, અંધનું લોચન છેક
એના થકી ટકે જીવન આ, એ જ અમારે ગીત;
એના થકી તમોને જાણી પામી કરતાં પ્રીત.
અમારી...

આજ તમારે શીતસુવાસિત ચરણે ઢાળી શીશ
આંખ ભરીને જોતાં કહિયે હૃદયે વસજો નીત!
નેહભરેલ નયન સામેથી ખસજો નહિ ક્વચિત
યાદ કરીને પુલકિત બનજો, કદિ કદિ વ્હેજો નીર.
અમારી...


ભાવનગર જિલ્લા સહકારી
ખરીદ વેચાણ સંઘ લિ.
ભાવનગર

ખેત–ઉત્પાદનની વૃદ્ધિ અને ઉત્પાદિત કાચા માલનું સહિયારા સહકારથી રૂપાંતર તે આર્થિક ઉન્નતિનો પાયો છે.

| | | |
|---|---|---|
| શેર ભંડોળ | રૂ. | ૩,૭૨,૦૦૦ |
| અનામત તથા અન્ય ફંડો | રૂ. | ૧૬,૦૦,૦૦૦ |
| ટર્ન ઓવર | રૂ. | ૬,૦૦,૦૦,૦૦૦ |

બા. ખો. ઓઝા
એક્ઝી. ઓફિસર

જયવંતસિંહ જાડેજા
ચેરમેન

*With Best Compliments from :*

# NILSIN

**Group of Companies**

Phones : 87654 & 87191 Gram : NILSIN

*

## Nilsin Industries

**Jal Jyoti Ultramarine Blue**

*

## Nilsin Carbonink Mfg. Co. Pvt. Ltd.

**Sophisticated Varities of Carbon Papers**

*

## Nilsin Dyes & Pigments

**Ultramarine Blue & Pigments**

Contact : 25, 26/B & 26/A, Industrial Township
VATVA – 382 445 ( Ahmedabad )

*

## Nilsin Company

**Ultramarine Blue, Prussian Blue, Chinese Blue and Blue Pastes**

Contact : 37 Armenian Street, Calcutta – 700 001
Phoness : 33-5179 & 33-7005 ■ Gram : NILKUTI

# અધ્યાત્મ

વર્ષ : ૧, અંક : ૪, છૂટક નકલ ૧–૨૫, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૨–૦૦, વિદેશમાં રૂા. ૧૦૦–૦૦ (વિમાનથી)

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરીદેવી (પૂ. સરોજબેન)
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડયા (મુંબઈ)
શ્રી બાબુભાઈ બ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ
સ્ટેશન રોડ, ભાવનગર–૩૬૪૦૦૧

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| શાંતિનો ઉપાય | ૫ | શ્રી યોગેશ્વરજી |
| ભગવાન શ્રી રામનું દર્શન | ૮ | શ્રી યોગેશ્વરજી |
| શ્રી ખંડિયો | ૧૩ | શ્રી નારાયણ હ. જાની |
| ક્રિયાયોગ | ૨૧ | શ્રી યોગેશ્વરજી |
| 'ગોપાલની મા' | ૨૫ | શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડ (અનુ. ના. હ. જાની) |
| સર્વાંગાસન | ૩૧ | શ્રી મણિભાઈ શાહ |
| શ્રેયયાત્રા–૪ | ૩૫ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| જીવનના ઊંડાણમાં | ૪૦ | શ્રી જે. વી. શાહ |
| મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા | ૪૨ | શ્રી સર્વેશ્વરી |
| ઘટમાળ | ૪૨ | શ્રી રમાબહેન અ. જાજલ |
| પૂતના અને રાધા | ૪૩ | શ્રી રણજીત પટેલ (અનામી) |
| ચિત્ત ધરીયે | ૪૩ | શ્રી રજનીકાન્ત મહેતા |
| સંતમહિમા | ૪૪ | શ્રી કે. ટી. શાહ |
| દીવડીએ રંગ રાખ્યો | ૪૫ | શ્રી મનુભાઈ ત્રિવેદી (સરોદ) |
| રત્નચિંતામણિ જન્મ ખોયો | ૪૫ | નરસિંહ મહેતા |
| ધ્યાન–શાંતિનો રામબાણ ઇલાજ | ૪૬ | પ્રા. શશિકાન્ત કોન્ટ્રાકટર |
| શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ | ૪૯ | શ્રી—યોગેશ્વરજી. |
| આફ્રિકાયાત્રા | ૫૦ | શ્રી સર્વેશ્વરી |
| યોગિક–ટ્રાન્સ અને ડૉ. સ્વામી પ્રભાનંદગિરિ | ૫૬ | ડૉ. સ્વામી પ્રભાનંદગિરિ |
| પ્રશ્નોત્તરી | ૬૩ | — |



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૧ જાન્યુઆરી–૧૯૮૦ અંક : ૪


## શાંતિનો ઉપાય

શ્રી યોગેશ્વરજી

તાપથી સંતપ્ત પ્રવાસી પંથમાં બેસીને પોકારો પાડવા લાગ્યો– અરે કોઈ છાયા તો બતાવો. મારે છાયાની આવશ્યકતા છે. શીતળ છાયાની આવશ્યકતા છે. મને કોઈ ઘટાદાર વિશાળ વૃક્ષની પાસે તો પહોંચાડો !

પ્રવાસીના પાસે જ, એના પંથની એક તરફ જ વિશાળ ઘટાદાર વૃક્ષ હતું. એની શીતળ છાયામાં જઈને શાંતિ મેળવવાનું જ શેષ હતું. ત્યાં જવાનું પ્રવાસીના હાથમાં હોવા છતાં પોકારો પાડીને બેસી રહેલો. એવી રીતે પોકારવાથી, એ વૃક્ષ પાસે પહોંચી શકે ? અને એને છાયા પણ મળી શકે ?

આજે સંસારમાં ચારે તરફ અશાંતિના ઓળા ઊતરેલા છે. માનવ સંપૂર્ણપણે સુખી નથી. સુખની શોધમાં છે. પરંતુ એ સુખ એને સાંપડે કેવી રીતે ? પડછાયાની પાછળ પડવાથી પ્રકાશ નથી મળતો. પ્રકાશની તરફ અભિમુખ બનવાથી પ્રકાશ, પ્રકાશવાન પદાર્થ અને પડછાયાની પ્રાપ્તિ આપોઆપ થાય છે. જેમનામાં સુખ, શાંતિ, આનંદ છે, એટલું જ નહીં, પરંતુ જે સ્વયં સુખસ્વરૂપ, શાંતિસ્વરૂપ, પરમાનંદ–સ્વરૂપ છે, તે પરમાત્મા પ્રત્યે અભિમુખ બનવાથી જ જીવન સુખમય, શાંત, સુસંવાદી, સ્થિર, સંપૂર્ણ, સાર્થક અને ધન્ય બને છે. એ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

પરંતુ વિષયાસક્ત, વિષયાભિમુખ મન એ વાતને ભૂલી જાય છે. અને યાદ રાખે છે તોપણ એ પ્રમાણે વર્તતું નથી. એને લીધે દુઃખી થાય છે અને કલેશ, અશાંતિ તથા બંધનોને અનુભવે છે. સમીપમાં જ રામભક્તિની સુરસરિતા કે સ્વરગંગા છે. તોપણ પિપાસુ પ્રાણ ઝાકળના બિંદુની કામના કરે છે. ધૂમ્રસમૂહને નિહાળીને તૃષાર્ત ચાતક વરસાદના વારિવાળું વાદળ સમજી બેસે છે. વિષયોમાં સુખ નથી છતાં જીવ તેમાં સુખ સમજે છે.

**ઐસી મૂઢતા યા મનકી.**
**પરિહરિ રામભક્તિ સુરસરિતા આશ કરત ઓસકનકી,—ઐસી૦**
**ધૂમ્રસમૂહ નિરખી ચાતક જ્યોં તૃષિત જાનિ મતિ ઘનકી,**
**નહીં તહીં શીતલતા ન વારિ પુનિ હાનિ હોત લોચનકી.**
**ઐસી મૂઢતા યા મનકી.**

પરમાત્મા પ્રત્યે અભિમુખ થવાથી જ સુખશાંતિ સાંપડે છે. પરમાત્માથી વિમુખ થવાથી દુઃખ મળે છે. શાસ્ત્રો અને સંતોએ એ અનુભવ-વાતને અવારનવાર કહી બતાવી છે. માનવ એને જીવન-વ્યવહારમાં વણી લે એટલી જ વાર છે.

પ્રકૃતિના પંથે પ્રયાણ કરનારો માનવપ્રવાસી પ્રશાંતિની શોધમાં છે. પ્રસન્નતાની ઇચ્છા રાખે છે. એણે પ્રકૃતિને નાથીને બાહ્ય સુખોપભોગનાં સાધનોને વસાવ્યાં છે. પરંતુ પ્રકૃતિના આટલા બધા એકધારા પ્રવાસ પછી હવે એને લાગે છે કે જીવનમાં અસંતોષ અને અશાંતિના ઓળા ઊતર્યા છે. સંતાપ નથી શમ્યા. શાંતિનો સૂર્યોદય નથી થયો. પ્રસન્નતાનું પુનિત પ્રભાત નથી પ્રગટ્યું. ધન્યતાનાં ઉલ્લાસસૂચક મંગલમય વિહંગગીતો નથી ગવાતાં. સાર્થકતાની સ્વસ્થ સમીર લહરી પોતાનું લલિત લાસ્ય નૃત્ય નથી કરતી. એનો પ્રાણ પોકારે છે. શાંતિને ઝંખે છે. એને આપણે કહીએ છીએ કે શાંતિની સ્વરગંગામાં સ્નાન કરો. તમે શાંતિસ્વરૂપ છો. સુખસ્વરૂપ છો. તમારી અંદર રહેલા શાંતિના સ્વર્ણભંડારને શોધી કાઢો કે હસ્તગત કરવાનો પ્રયત્ન કરો. પછી સઘળા સંતાપો શાંત થશે. જીવન અને એનો પ્રવાસ સરસ, સાર્થક બનશે.



## ખુલાસો : દિલગીર છીએ

'અધ્યાત્મ'ના અંક ત્રીજામાં સાધુમહિમા–સંતદાદુની વાણી આપવામાં આવી છે. આ લખાણમાં સંત દાદુ 'મુસલમાન અને ગૃહસ્થી' હતા, એ સંબંધમાં અમોને સુરતના મહામંડલેશ્વર હરિપ્રસાદ આચાર્યશ્રી તરફથી આ હકીકત બરાબર ન હોવાનું અને સંત દાદુ નાગર હતા એવું દર્શાવતો પત્ર મળ્યો છે.

'અધ્યાત્મ'માં સંત દાદુ મુસલમાન તથા ગૃહસ્થી હોવાનો ઉલ્લેખ લેખકે આચાર્ય શ્રી ક્ષિતિમોહન સેનના 'મધ્યયુગની સાધનાધારા' પુસ્તકના લખાણના આધારે કરેલ છે. આ લેખકનો કોઈ વ્યક્તિગત અભિપ્રાય નથી.

આ અભિપ્રાયથી સંત દાદુ વિષે ભિન્ન અભિપ્રાય પણ હોઈ શકે. અમને તે અંગે કોઈ વાંધો નથી. સંત દાદુ કેટલાકના મતે નાગર હતા એવો અભિપ્રાય એમના અનુયાયીઓ ધરાવે છે, તેની વાંચકોને નોંધ લેવા વિનંતી છે. તેમ જ અમારા તેમના વિષેના ઉલ્લેખથી કોઈની પણ લાગણી દુભાણી હોય તો અમે તે અંગે ખરેખર દિલગીર છીએ.

સંત દાદુની વાણી પ્રસિદ્ધ કરવા પાછળનો અમારો ઉદ્દેશ એમની ફિલસૂફીનો જનસમાજને પરિચય કરાવવાનો હતો. અમારે મન સંત દાદુ આત્મદર્શી મહાપુરુષ હોઈને પૂજ્ય ને આદરણીય છે ને રહેશે.

–તંત્રી

[ 'અધ્યાત્મ'ના ત્રીજા અંકમાં "શ્રી ગોદાવરી માતાનો મેળાપ", "સિદ્ધબાબા સુંદરનાથજી" અને "જ્ઞાન અને વ્યવહાર" ત્રણે લેખો પૂ. શ્રી યોગેશ્વરજીના છે. ભૂલથી ત્રણે ઠેકાણે તેઓશ્રીનું લેખક તરીકેનું નામ દર્શાવવું રહી ગયું છે, એ બદલ દિલગીર છીએ. –તંત્રી ]

# ભગવાન શ્રી રામનું દર્શન

શ્રી યોગેશ્વરજી

દશરથાચલ પર્વત પર કાવ્યો સારા પ્રમાણમાં લખાયાં, કાવ્યો લખવાની શક્તિ મારામાં સહજ હતી એમ કહીએ તો ચાલે. કાવ્યોના વાચન અને લેખન તરફ મને પહેલેથી જ પ્રીતિ હતી, તે પ્રીતિ હિમાલય આવ્યા પછી પણ ચાલુ રહી. તેનું ઝરણ ઝરતું જ રહ્યું, કોઈને વિચાર થશે કે દશરથાચલના નિવાસ દરમ્યાન તો સાધના સતત રીતે ચાલતી હતી. આત્મોન્નતિની ઉત્કટ ઇચ્છાની તૃપ્તિ માટેના પ્રયાસો તે વખતે ચાલતા હતા. હિમાચલનાં બીજાં સ્થળોમાં રહેવાનો મુખ્ય હેતુ પણ આત્મોન્નતિની સાધનાનો હતો. તે દરમ્યાન કવિતા લખવાનું કેવી રીતે બની શક્યું ? એવી શંકા થાય એ તદ્દન સ્વાભાવિક છે. પરંતુ તેનું સમાધાન પણ સહેલું છે. વાત એમ છે કે કવિતા મારા માટે કોઈ કલ્પનાનું કેવળ ઉડ્ડયન, મનોરંજન કે શોખનું સાધન નથી. કેવળ લખવાને ખાતર કવિતા લખવાનું મને પસંદ નથી. કવિતા મારે માટે એક કળા છે, સાધના છે, સત્ય, શિવ ને સુંદરનો સાક્ષાત્કાર કરાવનારી શક્તિ છે. તે દ્વારા પુરુષ પોતાના હૃદયના ગૂઢ ભાવોની અભિવ્યક્તિ કરીને પરમાત્માની પાસે પોતાની જાતને ખુલ્લી કરે છે, પરમાત્મા સાથે વાતો કરે છે, ને પરમાત્માની કૃપાનો અનુભવ કરી શકે છે. વ્યક્તિ ને સમષ્ટિને પ્રેરણા પાવામાં, પોષવામાં ને સુધારવામાં પણ તેનો ફાળો નાનોસૂનો નથી. વ્યક્તિ તેમ જ સમષ્ટિની આત્મિક ઉન્નતિની સાથે સાથે કવિતા સામાજિક કે રાષ્ટ્રીય ઉન્નતિ જેવી બીજી ઉન્નતિમાં ઓછો અગત્યનો ભાગ નથી ભજવતી. પરંતુ અત્યારે હું મારી પોતાની વાત કરી રહ્યો છું. મારા મનોભાવોને વ્યક્ત કરવામાં ને ઈશ્વર આગળ રજૂ કરવામાં પૂરક કે સહાયક થઈને સાધનાની



સહચરી બનીને જીવી રહી. જો તે જીવનના વિકાસની નક્કી કરેલી સાધનાની વિરોધી હોત, તે સાધના સાથે બંધબેસતી ના થતી હોત, તો તેનો ત્યાગ કરવાનો પ્રશ્ન ઊભો થાત. પણ વસ્તુસ્થિતિ તેથી ઊલટી હોવાથી, સાધનાના દિવસો દરમ્યાન પણ તેનો પ્રવાહ ચાલુ જ રહ્યો. કવિતા અથવા સાહિત્ય એ રીતે જીવન પોષક બને, તો તે આશીર્વાદરૂપ બની રહે છે. આપણે જોઈએ છીએ કે તુલસીદાસ, સુરદાસ, મીરાં, નરસી ને તુકારામ જેવા ભક્તોને માટે તેમની કવિતા પરમાત્માની સાથે સંબંધ બાંધવાના સાધનરૂપ બની છે. કવિતા તેમને માટે જપ, ધ્યાન, અનુષ્ઠાન જેવી કીમતી ઠરી છે. જેમ સાગરના વિશાળ સલિલ સાથે પંખી પોતાની પાંખની મદદથી સંબંધ સાધે, તેમ કવિતાની પાંખથી આધ્યાત્મિકતાના આકાશમાં ઊડનારા તે ભક્તોએ પરમાત્માના વિશાળ સ્વરૂપને સ્પર્શ કર્યો છે. તેમને માટે કવિતાનું મૂલ્ય મંત્ર જેવું મોટું થયું છે. મારા સંબંધમાં પણ તે વાત કંઈક અંશે સાચી ઠરી. એટલે સાધનાની ઉત્કટતા દરમ્યાન પણ કવિતાનો પ્રવાહ વત્તેઓછે અંશે ચાલુ રહ્યો.

પરંતુ હિમાલયમાં આવ્યા પછી તેનું સ્વરૂપ જરા બદલાયું. માણસ જેવું જીવન જીવે છે, જીવવા માગે છે, જેવા વિચાર ને ભાવ સેવે છે, ને જે આદર્શોને પ્રિય ગણે છે તેની છાયા તેની કૃતિમાં જરૂર આવવાની. તેનું પ્રતિબિંબ તેની રચનામાં જરૂર પડવાનું. તે કૃતિ ગદ્યની હોય કે પદ્યની, તેમાં તેના વ્યક્તિત્વ ને અનુભવની છાપ ઊઠવાની. તેના ચિંતનમનન ને નિદિધ્યાસનની અસર તેમાં ખરેખર હોવાની. આ સિદ્ધાંતમાં અપવાદરૂપ એવાં એક બે ઉદાહરણો નીકળી શકે. પરંતુ સામાન્ય રીતે તો આમ જ બનવાનું. તેથી જ આપણે સાહિત્યને જીવનનું દર્પણ કહ્યું છે. ગાંધીજી, વિનોબા, ટાગોર, મેક્સીમ ગોર્કી, ટોલ્સ્ટોય, અરવિંદ,

ન્હાનાલાલ જેવા સર્જકોના સાહિત્યનું આમ જ સમજવાનું છે. બીજા સર્જકોનું પણ તેવું જ છે. તેમનું વ્યક્તિત્વ તેમના સાહિત્યમાં ઓતપ્રોત રહેવાનું જ. મારી લેખનશક્તિ તો સીમિત છે. છતાં પણ મારા લેખન સંબંધી પણ એમ જ સમજવાનું છે. હિમાલય ગયા પછી મારા જીવનમાં આત્મોન્નતિની સાધનાએ ભારે ભાગ ભજવ્યો. મારું જીવન મુખ્યત્વે આધ્યાત્મિક બની ગયું. આધ્યાત્મિકતા પ્રત્યેની મારી પ્રેમભક્તિ ને શ્રદ્ધામાં વધારો થતો ગયો. એટલે મારા લેખનમાં પણ તેની અસર છે, છાપ છે, ને તેનું પ્રતિબિમ્બ જોવા મળે છે.

સમાધિના અનુભવના આરંભથી મને અસાધારણ આનંદ થયો. મારી શ્રદ્ધા વધી પડી. મને થયું કે ઈશ્વરની મારા ઉપર કૃપા છે, તેને લીધે મને બીજા અનુભવો પણ મળતા રહેશે. મારા દિલમાં ઈશ્વરનાં સાકાર દર્શનની ભાવના લાંબા વખતથી ચાલુ હતી. તેની પૂર્તિ માટે હું બનતી પ્રાર્થના કર્યા કરતો. તે દિવસોમાં મને પ્રાર્થનામાં ભારે શ્રદ્ધા હતી. પ્રાર્થના એ જ મારુ બળ હતું. એમ કહીએ તો ચાલે. જે અનુભવ કે વસ્તુની જરૂર હોય, તેને માટે હું ઈશ્વરને પ્રાર્થના કરતો. પ્રાર્થના દ્વારા મારા દિલને ઈશ્વર આગળ ખોલી દેતો, ને ઈશ્વરની કૃપાની યાચના કરતો. જેવી રીતે બાળક માતાને માટે ટળવળે છે, રડે છે, ને બેચેન બને છે, તેવી રીતે ઈશ્વરને માટે હું બેચેન બનતો, રડતો ને ટળવળતો. તાલાવેલીના એ દિવસો કેવી રીતે પસાર થઈ જતા તેની ખબર પણ ના પડતી. તે પછીના ને આજ સુધીના મારા જીવનનું મુખ્ય બળ પ્રાર્થના જ છે. ઈચ્છાનુસાર સિદ્ધિને માટે આજે પણ હું પ્રાર્થનાનો જ આધાર લઈ રહ્યો છું. પ્રાર્થના મારા માટે મંત્રનું કામ કરે છે. મારે કહેવું જોઈએ કે પ્રાર્થનાએ મને આજ સુધી મોટી મદદ કરી છે. પ્રાર્થનાના



પરિણામે ઈશ્વરે મારા પર વખતોવખત કૃપા વરસાવી છે ને સાધનાના જુદા જુદા અનુભવો આપીને મને કૃતાર્થ કર્યો છે.

ઈશ્વરનાં સાકાર દર્શનને માટે મારી પ્રકૃતિ પ્રમાણે હું રોજેરોજ પ્રાર્થના કર્યા કરતો. ધ્યાનમાં બેસવા માટે સવારે બારણાં બંધ કરતો, ત્યારે તો મારી દશા કરુણ થઈ જતી. મને થતું કે એકેક દિવસ વીતતો જાય છે, હજી મારી ઈચ્છા પૂરી નથી થઈ. તો પ્રભુ મારા પર કૃપા ક્યારે કરશે?

ત્યાં તો એક દિવસ પ્રભુની કૃપા થઈ ગઈ. એ દિવસ મારે માટે આશીર્વાદરૂપ સાબિત થયો. સવારે ધ્યાન ને પ્રાર્થના કરતાં કરતાં અચાનક મારું શરીરભાન ભુલાઈ ગયું. શરીર નિશ્ચેષ્ટ બની ગયું. તે દશામાં મને જે અલૌકિક અનુભવ થયો તેને યાદ કરીને આજે પણ મારા અંતરમાં આનંદ ઊભરાય છે. મને ‘ભગવાન રામ’નું દર્શન થયું. ભગવાન રામનું સ્વરૂપ ખૂબ જ સુંદર હતું. એવું સુંદર સ્વરૂપ સંસારમાં જોવા મળતું નથી. તે ઊભા હતા. તેમણે પીતાંબર પહેરેલું. ગળામાં માળા ને માથે મુકુટ ધારણ કરવાથી તેમની શોભામાં વધારો થયેલો. તે મારી તરફ જોઈ રહેલા. તેમની દૃષ્ટિની મધુરતાનું વર્ણન મારા સરખો સાધારણ ને અજ્ઞ માણસ કેવી રીતે કરી શકે? લગભગ પાંચેક મિનિટ તે દર્શનનો અનુભવ ચાલુ રહ્યો, ને પછી મને ભાન આવ્યું. હું ધ્યાનમાંથી જાગ્રત થયો. પણ મારા મનમાં ઊંડી શાન્તિ હતી અને અંતરમાં આનંદનો અર્ણવ ઉછાળા મારી રહેલો. એ અનુભવની અસર એવી અજબ હતી.

થોડા વખત પછી હું બહાર નીકળ્યો ત્યારે મારા મુખ પર આનંદ આનંદ ફરી વળેલો. મને કોઈ સારો અનુભવ થયો છે તે વાતની કલ્પના મને જોતાંવેંત કરી શકાય તેમ

હતી. ચંપકભાઈને મારી ટેવ મુજબ મેં લખીને મને થયેલાં દર્શનના અનુભવની વાત કરી એથી એમને આનંદ થયો.

રામનાં દર્શનની મને ખાસ લગની ન હતી. તે માટે મેં કોઈ ખાસ પરિશ્રમ પણ નહોતો કર્યો. છતાં પ્રભુએ મારી સાકાર દર્શનની ભાવનાને સંતોષવાની એવી રીતે કૃપા કરી. તેમાં મારા પૂર્વજન્મના સંસ્કારો પણ કારણભૂત થયા હશે. ગમે તેમ પણ, રામદર્શનના એ અનુભવથી મને અત્યંત આનંદ થયો ને પાર વિનાની શાંતિ મળી. એ અનુભવ કોઈ પ્રકારના વાર્તાલાપથી રહિત હતો. વળી ધ્યાનનો અથવા સમાધિનો હતો. છતાં મારા માટે તેનું મૂલ્ય ઘણું મોટું હતું. ભગવાન રામની એ કૃપા બદલ તેમના ચરણમાં મેં વારંવાર ભીના આંખે પ્રણામ કર્યા.

" ધરતીના પેટાળમાંથી પાણી કાઢવા એન્જીનની જરૂરત પડે છે, તેમ જીવનના સદ્‌ગુણોને બહાર લાવવા સાધનાની આવશ્યકતા રહે છે, તેમજ સાધના માટે સ્વાધ્યાયની જરૂર છે."

'અધ્યાત્મ'

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઈલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧

ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭



# શ્રીખંડિયો

નારાયણ હ. જાની.

દક્ષિણ ભારતમાં, થયેલ સંતોમાં એકનાથ મહારાજનું નામ ખૂબ જાણીતું છે. તેઓ ભગવાન કૃષ્ણના અનન્ય ઉપાસક ને ભક્ત હતા. પંઢરપુરના વિઠોબા, અને ભગવાન દત્તાત્રયની પણ એમના ઉપર કૃપા હતી.

દૌલતાબાદના દીવાન જનાર્દન સ્વામી તેમના ગુરુ હતા. તેઓ દત્ત ભગવાનના ઉપાસક હતા. દત્ત ભગવાનની તેમના ઉપર અનન્ય કૃપા હતી. એટલું જ નહિ, પરંતુ એકનાથ મહારાજની સેવાથી પ્રસન્ન થઈ, જનાર્દન સ્વામીએ તેમને દત્ત ભગવાનનાં સાક્ષાત દર્શન પણ કરાવેલાં. આ ગુરુની આજ્ઞાને માન આપીને જ શ્રી એકનાથ મહારાજે ગિરિજાબાઈ સાથે લગ્ન કરેલું. આમ એકનાથ મહારાજ એ ગૃહસ્થી સંત હતા. પરન્તુ તેઓએ સંસારમાં પડતાં પહેલાં પ્રભુને મેળવી લીધેલા. એટલે સંસારની માયા-મમતાથી તદ્દન મુક્ત જ હતા.

લગ્ન પછી પણ એકનાથ મહારાજ તો આખો વખત પ્રભુસ્મરણમાં જ રહેતા. શાસ્ત્રના અધ્યયન, સત્સંગ ને સાધુસંતોની સેવામાં એમનો સમય વ્યતીત થતો. તેઓ ભાગવત, ગીતા વગેરે ધર્મગ્રંથોના આધારે મરાઠી ભાષામાં ગ્રંથો પણ લખતા. રાતે કથા-કીર્તન કરતા તેમ જ પ્રવચન પણ આપતા. આમાં ઘર ચલાવવા માટે આર્થિક ઉપાર્જનનો તો એઓ વિચાર જ કરતા નહિ. વળી સાધુસંતો કે અતિથિનો સત્કાર કરવાનું તેઓ ચૂકતા નહિ. પરન્તુ પ્રભુએ સદ્‌ભાગ્યે એમને એવી સાનુકૂળ પત્ની આપી હતી કે જે તેમના ધાર્મિક જીવનને પોષક હતી. જ્યારે સંત તુકારામ મહારાજના જીવનમાં એમનાં પત્ની એટલાં બધાં પ્રતિકૂળ હતાં કે ઇચ્છા થાય

તોપણ, પત્નીના સ્વભાવે કરી, સંસારમાં આસક્તિ જ ન થાય. એને તેઓ પ્રભુનો આશીર્વાદ સમજતા. આમ આ બન્ને મહાસંતોના લગ્નજીવનમાં પત્નીઓ ભિન્ન સ્વભાવની હતી, છતાં, બન્ને આત્મિક પ્રગતિ સાધી શકયા.

ગિરિજાબાઈ ખૂબ સમજુ, પતિપરાયણ, ધાર્મિક ને સેવાભાવી હતાં. પતિસેવાની સાથે સાથે આગંતુક સાધુસંતોની સેવા પણ કરતાં ને પતિની આજ્ઞાને શિરોમાન્ય ગણતાં. તેમને બે સંતાન હતાં : એક પુત્રી અને એક પુત્ર–લીલા અને હરિ.

દીનદુખિયાં ને સાધુસંતોની અવરજવર એકનાથ મહારાજને ત્યાં શરૂઆતથી જ ઘણી રહેતી તે ગૃહસ્થી બન્યા પછી વધવા માંડી આથી ભગવાનને ચિંતા થવા માંડી "આનું ઘર કેમ ચાલશે? એ તો ફક્ત મારા સિવાય બીજા કશાનું ચિન્તન જ કરતો નથી! **अनन्याश्चिन्तयन्तो माम्** થઈને રહે છે. એનાં પત્ની પણ એને કંઈ કહેતાં નથી. બન્ને પ્રભુપરાયણ જ છે."

આથી ભગવાન કૃષ્ણે મનુષ્યશરીર ધારણ કરી, એકનાથ મહારાજની સેવા શુશ્રૂષા કરવા, તેમનું ઘર ચલાવવામાં સહાયરૂપ થવા–આવવા વિચાર્યું. તેઓએ એક કિશોરનું રૂપ ધારણ કર્યું ને એક દિવસ એકનાથ મહારાજની પાસે આવી કહ્યું, "મને આપની સેવામાં રાખો." "તારું નામ?" એકનાથ મહારાજે પૂછયું. તેણે કહ્યું "મારું નામ શ્રીખાંડયો."

"તારા માતાપિતા કે કોઈ કુટુમ્બી નથી શું?" "મારે કોઈ નથી. તમારા સિવાય આ સંસારમાં મારું કોઈ નથી" શ્રીખંડિયાએ કહ્યું. એકનાથ મહારાજ શ્રીખંડિયાના આ ઉત્તરનો ભેદ સમજી શકયા નહિ. એથી એમણે સાહજિક રીતે પૂછયું, "ભાઈ તું અમારી શી સેવા કરીશ?" "આપ



જે બતાવશો તે. આપને પૂજાની સામગ્રી તૈયાર કરી દઈશ ને ગિરિજામાને કામમાં મદદ કરીશ."

"સારું" કહી, શ્રીખંડિયાને એકનાથ મહારાજે પોતાને ત્યાં રાખ્યો.

આમ ત્રિભુવનનો નાથ, પોતાના ભક્તને ત્યાં નોકર થઈને એની સેવાચાકરી કરવા રહ્યા. ભક્તને એની જાણ થઈ નહિ!

શ્રીખંડિયો એકનાથ મહારાજના હાથપગ થઈ પડ્યો. સવારમાં ઊઠે ત્યાંથી, એમની પૂજાની સામગ્રી તૈયાર કરે, ફૂલ વીણી લાવે, ચંદન ઘસે, આસનો ગોઠવે, ને ગિરિજામાને ઘર માટે ગોદાવરી નદીમાંથી ખભે કાવડ લઈને પાણી લાવી આપે, બળતણ ને ઘરની ચીજવસ્તુ લાવી આપે, વાસણ મંજાવે ને શરીર સારું ન હોય ત્યારે માનું માથું પણ દાબી આપે. ઓ હો હો, કેવી સેવા!

આમ થોડા જ વખતમાં શ્રીખંડિયો એકનાથ મહારાજના ઘરમાં દૂધમાં સાકર ભળી જાય તેમ એકરૂપ થઈ ગયો! સહુને તે આશીર્વાદરૂપ લાગ્યો. ગિરિજામાને પણ શ્રીખંડિયાની મદદ મળતાં, ઘર ચલાવવાનું સરળ ને સુગમ થઈ પડયું. ઘરનો બધો જ કારોબાર શ્રીખંડિયો જ સંભાળતો ઘરમાં કોઈ દહાડો કોઈ વસ્તુની તાણ ન પડતી.

સાધુસંતો આવે, દીનદુખિયાં આવે સહુને માટે એકનાથ મહારાજનું ઘર સદાય ઉઘાડું. ગિરિજાબાઈ સહુનો યોગ્ય સત્કાર કરતાં. અડધી રાતે પણ ઊઠીને ભૂખ્યા સંતોને જમાડતાં. કદી કોઈ વાતનો કંટાળો કે થાક જ નહિ. એમાં શ્રીખંડિયાની મદદ.... પછી પૂછવું જ શું?

આમ કરતાં કરતાં બાર વર્ષ વીતી ગયાં! શ્રીખંડિયાની સેવા એકધારી ચાલતી રહી. એક દિવસ ભગવાનને થયું,

'આટલાં બધાં વર્ષો થયાં પણ હજી એકનાથ મહારાજને ખબર નથી, કે આ શ્રીખંડિયો કોણ છે? હવે એમને ખબર પાડવી જોઈએ."

એવામાં એક પ્રસંગ બન્યો. દ્વારિકામાં એક બ્રાહ્મણ ઘણાં વર્ષોથી ભગવાન કૃષ્ણનાં દર્શન માટે સાધના કરતો. આ બ્રાહ્મણના સ્વપ્નમાં ભગવાને આવીને કહ્યું, "મારાં દર્શન કરવાં હોય તો તું દક્ષિણમાં પૈઠણ શહેરમાં એકનાથ મહારાજને ત્યાં આવ. એમનો નોકર શ્રીખંડિયો હું છું."

સ્વપ્ન પૂરું થતાં જ બ્રાહ્મણ તો ખૂબ રાજી થઈ ગયો! અનેક વર્ષોની નહિ, બલ્કે અનેક જન્મોની સાધના ફળી! એના આનંદનો પાર ન રહ્યો. એ તો બીજા જ દિવસે, દ્વારિકાથી પૈઠણ જવા નીકળી પડ્યો.

ક્યાં દ્વારિકા ને ક્યાં પૈઠણ! કેટલાય માઈલોનું અંતર! ભગવાનનાં દર્શનના ઉત્સાહમાં ને ઉત્સાહમાં બ્રાહ્મણે આટલું લાંબું અંતર કાપી નાખ્યું ને એક શુભ દિને, સંધ્યા સમયે તે પૈઠણ શહેરમાં આવી પહોંચ્યો.

રાત્રિમુકામ તેણે ગોદાવરી નદીના કાંઠે આવેલ એક ધર્મશાળામાં કર્યો. વિચાર્યું કે "બીજા દિવસે, સવારે, નાહીધોઈ પૂજાની સામગ્રી લઈ, પ્રભુનાં દર્શને જઈશ."

જીવનની એ ધન્યતાના આડા હવે આટલા થોડા કલાકો કાઢતાં એને ભારે વસમું લાગ્યું! રાત્રિભર તે ઊંઘી શક્યો નહિ. મનમાં થતું "ક્યારે સવાર પડે ને ભગવાનનાં દર્શન પામું!"

સવારે તે ખૂબ વહેલો ઊઠ્યો. નાહીધોઈ પ્રભુને પ્રાર્થના કરી. ધર્મશાળાના પ્રાંગણમાં ઊગેલાં થોડાં પુષ્પો ચૂંટ્યાં, છેક દ્વારિકાથી સાચવીને લાવેલું અષ્ટગંધક ચંદન પણ સાથે લીધું. ને પૈઠણ શહેરમાં પ્રવેશવા ચાલી નીકળ્યો.



નદી ઓળંગી સામી બાજુ આવ્યો ત્યાં તેણે નદી ઉપરથી એક યુવાનને પાણીની કાવડ ભરીને જતો જોયો.

બ્રાહ્મણે પૂછ્યું, "ભાઈ, એકનાથ મહારાજનું ઘર ક્યાં આવ્યું. બતાવશો, હું પરદેશી છું."

આ કાવડ લઈને જનાર બીજું કોઈ નહિ, પરંતુ એ શ્રીખંડિયો જ હતો. એણે પૂછ્યું, "ક્યાંથી આવો છો?"

બ્રાહ્મણે કહ્યું, "દ્વારિકાથી આવું છું."

"સારું આ પાણીની ધારે ધારે ચાલ્યા આવો. એટલે એકનાથ મહારાજના ઘરે પહોંચી જવાશે." કહી યુવાન કાવડ લઈને ઝડપથી આગળ ચાલ્યો. ભગવાન તો બધું જ જાણતા હતા. પોતાના ભક્તને દુઃખ ન પડે, તે માટે વહેલી સવારે જ કાવડ લઈને પાણી ભરવા નદીએ હાજર થઈ ગયા હતા!

કસમયે લોકો આગળ પોતાનું રહસ્ય ખુલ્લું ન પડી જાય, ને બ્રાહ્મણને એકનાથ મહારાજનું ઘર શોધવામાં કોઈ પરિશ્રમ કે તકલીફ ન પડે, એની પણ ભગવાને કાળજી લીધી હતી. કેવો દયામય!

નદી કિનારે જ આમ એકનાથ મહારાજનું ઘર બતાવનાર માણસ મળી જતાં, બ્રાહ્મણ મનમાં રાજી થયો, ને પ્રભુનો મનોમન પાડ માની રહ્યો.

ધીરે ધીરે, પાણીની ધારે ધારે ચાલીને તે એકનાથ મહારાજને ત્યાં પહોંચ્યો. તો તેઓ પૂજા કરવા બેઠા હતા. ગિરિજાબાઈ બાજુમાં બેઠાં હતાં. તેઓએ ઊઠીને બ્રાહ્મણનું સ્વાગત કર્યું.

બ્રાહ્મણે બંનેને વંદન કર્યું. ઘરનું વાતાવરણ જોતાં જ બ્રાહ્મણને અપૂર્વ આનંદ થયો. થયું, "ભગવાન અહીં નહિ

તો બીજે કયાં રહે ?" પૂજા સમાપ્ત થતાં એકનાથ મહારાજે બ્રાહ્મણને આવવાનું પ્રયોજન પૂછ્યું.

બ્રાહ્મણે ગદ્‌ગદ્‌ સ્વરે કહ્યું, "હું ભગવાન કૃષ્ણનાં દર્શન કરવા દ્વારિકાથી આવું છું."

એકનાથ મહારાજે શાન્તિથી ભગવાન કૃષ્ણની સર્વ-વ્યાપકતાની વાત કરી ને સૃષ્ટિની સર્વ વસ્તુઓમાં પ્રભુનું દર્શન કરવા સમજાવ્યું.

બ્રાહ્મણે આ બધી ઉપદેશની વાતો સાંભળી, પરંતુ એનું મન અધીર બની ગયું ! એણે અધીરાઈપૂર્વક બોલી નાખ્યું, "મહારાજ, મારે આ બધો ઉપદેશ અત્યારે સાંભળવો નથી. મારે તો ભગવાન કૃષ્ણનું સાક્ષાત્‌ દર્શન કરવું છે. આપને ત્યાં જે શ્રીખંડિયો છે, મારે એનું દર્શન કરવું છે. એ જ સ્વયં ભગવાન કૃષ્ણ છે. એણે જ મને સ્વપ્નમાં દર્શન આપી આ વાત કહી છે. એટલે મને તુરત એનું દર્શન કરાવો." આટલું કહી એણે એકનાથ મહારાજના પગ પકડી લીધા.

બ્રાહ્મણના મુખે આ વાત સાંભળી એકનાથ મહારાજ ને ગિરિજાબાઈ તો સ્તબ્ધ થઈ ગયાં ! તેઓને ભારે આઘાત લાગ્યો. તેઓ બંને બેભાન બની ગયાં ને જમીન ઉપર ઢળી પડ્યાં.

બ્રાહ્મણ આ જોઈને દિગ્મૂઢ બની ગયો ! એને થયું, "આ શું થયું ? છેલ્લી ઘડીએ શું પ્રભુદર્શનની મારી ઇચ્છા અધૂરી જ રહી જશે કે શું ?"

ત્યાં થોડી વારે એકનાથ મહારાજની મૂર્છા વળી. ગિરિજા-બાઈને પણ તેમણે મુખ ઉપર પાણી છાંટી બેઠાં કર્યાં. પછી બંને જણે શ્રીખંડિયાની શોધ કરવા માંડી. પરંતુ શ્રીખંડિયો મળે તો ને ?



આખરે થાકીને પ્રભુને પ્રાર્થના કરી, "હે પ્રભો, હું કેવો અબુધ કે આપને આટઆટલાં વર્ષો સુધી ઓળખી ન શક્યો ! અને કોણ જાણે હજુ બીજાં કેટલાંય વર્ષો સુધી આપને ઓળખી ન શકત, જો આ બ્રાહ્મણ આવ્યો ન હોત તો ! પ્રભો, અમારા બધા અપરાધો ક્ષમા કરો, અમને દર્શન આપો."

આ હૃદયદ્રાવક ને ભાવસભર પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે સ્વયં ભગવાન કૃષ્ણ એમની સમક્ષ પ્રત્યક્ષ થયા ! એમના આનંદનો પાર રહ્યો નહિ. ભગવાને આશ્વાસન આપતાં એકનાથ મહારાજ તેમ જ ગિરિજાબાઈને કહ્યું, "તમારા જેવા અનન્યભાવથી આ દુનિયામાં મને ભજનારું કોણ છે ? એટલે જ તમારું 'ક્ષેમ' ચલાવવા માટે મારે જાતે જ આવવું પડ્યું. તમારી એકાંતિક ભક્તિથી હું એટલો બધો પ્રસન્ન થતો કે તમારી સેવા કરવાનો મને આનંદ આવતો. હું જોતો કે તમારા બંનેનું ચિત્ત મારા સિવાય કદી ક્યાંય જતું નહિ મને આશ્ચર્ય તો એ વાતનું થતું કે આટઆટલા માણસો તમારે ઘેર આવતાં, રહેતાં, જમતાં તેમની વ્યવસ્થા ક્યાંથી થતી, કોણ કરતું, એનો વિચાર સુદ્ધાં પણ તમને કદી આવતો નહિ. તમે કેવળ મારી સેવામાં જ મગ્ન રહેતાં. કેવી અદ્‌ભુત તમારી નિષ્ઠા ! એવી ભક્તિ ને નિષ્ઠાનો હું દાસ છું, એકનાથ !"

એકનાથ મહારાજ, ગિરિજાબાઈ ને બ્રાહ્મણ ત્રણેયે કૃષ્ણ ભગવાનનાં શ્રીચરણોમાં વંદન કર્યાં. ત્રણેનું જીવન સફળ થઈ ગયું ! નેત્રો ધન્ય બની ગયાં ! આંખમાં આંસુ સાથે ગિરિજાબાઈ બોલ્યાં, "પ્રભુ, મેં તો આપની પાસે પાણી ભરાવ્યું. કાવડ લઈને આપ કેટલુંય પાણી ગોદાવરીથી ભરી લાવતા. એંઠાં વાસણ પણ માંજવામાં મદદ કરતા કદીક શ્રમિત થયેલા મારા ચરણ પણ દાબી દેતા. ઓહો,

આપે અમારી કેટકેટલા પ્રકારે સેવા કરી! પ્રભુ, અમને આપ ક્ષમા કરો!"

ભગવાન કૃષ્ણે સસ્મિત કહ્યું, "તમારે અફસોસ કે દિલગીર થવાનું કોઈ કારણ નથી. હું જોતો કે આ બધું કરતાં કરતાં પણ તમારું ચિત્ત તો મારામાં જ રમતું. તમારું મારી સાથેનું સતત અનુસંધાન રહેતું, તે જોઈ હું પણ મારી જાતને ધન્ય માનતો. આ રીતે, મારા ભક્તની સેવા કરવાનો મનેય અપૂર્વ આનંદ આવતો."

ભગવાનના શ્રીમુખે આ શબ્દો સાંભળી, એકનાથ મહારાજ ને ગિરિજાબાઈ ધન્ય થઈ ગયાં! એમનાં નેત્રો સજળ બની ગયાં. પ્રભુ ત્રણેયને આશીર્વાદ આપી અંતર્ધાન થઈ ગયા!

એકનાથ મહારાજે બ્રાહ્મણને વંદન કરી કહ્યું, "હે ભૂદેવ, હું આપનો ઉપકાર જીવનભર નહિ ભૂલું. આપને લીધે જ અમને આજે અમારા ઈષ્ટદેવનાં સાક્ષાત્ દર્શન થયાં."

ભૂદેવે પણ નીચા નમી એકનાથ મહારાજનાં ચરણોને સ્પર્શ કરી કહ્યું, "આપને ખરેખર ધન્ય છે. આજે મને કેવળ પ્રભુનાં જ નહિ, પરંતુ એના અનન્ય ભક્ત એવા આપનાં દર્શન થયાં. મારું જીવન સફળ થઈ ગયું! હવે મને સમજાયું કે પ્રભુએ મને દ્વારકાને બદલે અહીં સુધી દર્શન માટે શા સારુ બોલાવ્યો. દ્વારિકામાં તો મને પ્રભુ એકનાં જ દર્શન થાત, પરંતુ અહીં તો મને પ્રભુનાં ને પ્રભુના પ્યારા ભક્ત–બંનેનાં દર્શન થયાં."

*



# ક્રિયાયોગ

**શ્રી યોગેશ્વરજી**

(ગતાંકથી ચાલુ)

ક્રિયાયોગની ફળશ્રુતિ શું? એની સાર્થકતા શેમાં? એના પ્રત્યે અનુભાવાત્મક અંગુલિનિર્દેશ કરતાં એ પછીના બીજા સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે ક્રિયાયોગ સમાધિભાવનાને માટે અને ક્લેશોને હળવા બનાવવા માટે છે. એનું પ્રમુખ આયોજન એ જ છે.

**समाधिभावनार्थः क्लेशतनूकरणार्थश्च ।**

ક્રિયાયોગની મદદથી એ બંને પ્રકારનાં પ્રયોજનોની પૂર્તિ થવી જોઈએ. એના અનુષ્ઠાનથી મન નિર્મળ બને છે, સાત્ત્વિક થાય છે, ઉદાત્તતા ધારણ કરે છે, અને સમાધિ માટે તૈયાર બને છે સમાધિ માટેની સદ્‌ભાવનાથી ભરપૂર થાય છે. એ ઉપરાંત ક્લેશોની શાંતિ થાય છે. યોગદર્શનના સાધનપાદનાં ત્રણથી દસ સુધીનાં સૂત્રોમાં પાંચ ક્લેશોનું વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણન પ્રમાણે પાંચ ક્લેશો અનુક્રમે આ પ્રમાણે: અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ. એ પાંચે ક્લેશોની મૂળ માતા અવિદ્યા છે. એ અવિદ્યાને લીધે જ સાધકને પોતાના વાસ્તવિક સચ્ચિદાનંદ સ્વરૂપનું જ્ઞાન કે ભાન નથી થતું. અવિદ્યા એટલે પોતાના અસલ સ્વરૂપનો અનુભવ ના હોવો તે. યોગદર્શનમાં એનું વિશ્લેષણ કરતાં કહેવામાં આવ્યું છે કે જે અનિત્ય છે, દુઃખ છે, અનાત્મ છે, એમાં નિત્ય, પવિત્ર સુખ અને આત્મા હોવાની ભાવના જગાવવી એ અવિદ્યા છે. એ અવિદ્યા અને એને લીધે પેદા થતી અહંતા, મમતા, આસક્તિ, રાગદ્વેષાદિ વિપરીત વૃત્તિને લીધે માનવ દુઃખી થાય છે તથા બંધનમાં સપડાય છે. અવિદ્યાને લીધે વસ્તુના વાસ્તવિક

સ્વરૂપનું દર્શન નથી થતું. વિદ્યા વસ્તુના વાસ્તવિક સ્વરૂપનું દર્શન કરાવે છે. મોહમાંથી અને મોહને પરિણામે પેદા થનારી વિવિધ શુભાશુભ પ્રતિક્રિયામાંથી મુક્તિ આપે છે. અવિદ્યા અશાંતિકારક ઠરે છે તો વિદ્યા–અધ્યાત્મવિદ્યા શાંતિકારક. અવિદ્યા દુઃખદાયક તો વિદ્યા સુખપ્રદાયક. અવિદ્યા બંધનકારક તો વિદ્યા બંધનહારક. અવિદ્યા અભિશાપરૂપ ઠરે છે વિદ્યા અમોઘ અનોખા આશીર્વાદરૂપ બને છે.

ક્રિયાયોગ ક્લેશમુક્ત કરી, અવિદ્યાની નિવૃત્તિ કરીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે. ક્રિયાઓને જીવનધારણરૂપી કલ્યાણકારક પરમક્રિયાનો પરમાત્માની પરમચેતના સાથે સંપર્ક કરાવે છે. જીવનને ધન્ય બનાવે છે.

મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં ક્રિયાયોગ નામનો કોઈ નવો યોગ નથી કહ્યો. ક્રિયાયોગ શબ્દપ્રયોગ એમણે ક્રિયાત્મક યોગ અથવા યોગની આચારસંહિતા, સાધના-સંહિતાના અર્થમાં કરેલો છે. યોગમાં જે મહત્ત્વની સાધનાત્મક ક્રિયા–પ્રક્રિયાઓની આવશ્યકતા છે તે ક્રિયા–પ્રક્રિયાઓ તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાનની અંતર્ગત આવી જાય છે એટલે એ સંયુક્ત સાધનાત્મક અભ્યાસક્રમને ક્રિયાયોગના નામથી ઓળખાવવામાં આવ્યો છે. યોગની સાધનામાંથી ક્રિયાઓને સાધનાત્મક અભ્યાસક્રમને બાદ કરવામાં આવે તો સાધનાનો કોઈ વિશેષ અર્થ ના રહે. સાધનાનું નામ રહે કિન્તુ કામ ન રહે. શરીર રહે કિન્તુ પ્રાણ ના રહે. એ સંદર્ભમાં ક્રિયાયોગનું મહત્ત્વ ધાર્યા કરતાં ઘણું મોટું છે. આદર્શ ગમે તેટલો ઊંચો હોય પરંતુ એને અનુસરતો આચાર ના હોય તો એ આદર્શ જ રહી જાય અને કોઈનું કલ્યાણ ના કરી શકે. ક્રિયાયોગના સ્વરૂપમાં આચારની એ સુખદ સંહિતાનું દિગ્દર્શન એટલા જ માટે કરાવવામાં આવ્યું છે.



ક્રિયાયોગ સંબંધી સ્પષ્ટતા કરતાં પરમહંસ યોગાનંદે પોતાથી પ્રસિદ્ધ આત્મકથામાં જે કાંઈ લખ્યું છે તેનો સારાંશ આ પ્રમાણે છે. એ ક્રિયાયોગમાં વિશેષ રુચિ રાખતા હોવાથી એનો ઉલ્લેખ ખૂબ જ રસપ્રદ થઈ પડશે.

ક્રિયાયોગનો અર્થ નિશ્ચિત ક્રિયા અથવા સાધનાની મદદથી ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. એનો શ્રદ્ધાભક્તિ તથા નિષ્ઠાસહિત આશ્રય લેનારો યોગી કર્મ સંસ્કારો અને કર્મ-બંધનથી યુક્ત સંસારચક્રમાંથી છૂટી જાય છે.

“ક્રિયાયોગની સીધી સાદી શારીરિક–માનસિક સાધના-પદ્ધતિથી માનવના રક્તમાંથી કાર્બનનું તત્ત્વ દૂર થાય છે અને એમાં ઓક્સિજનનો સારી પેઠે સંચાર થાય છે. ક્રિયાયોગ એક પ્રાચીન સાધનાપદ્ધતિ છે. એનો ઉલ્લેખ ભગવાન કૃષ્ણે શ્રીમદ ભગવદ્ગીતામાં બે વખત કર્યો છે. એક વખત આ પ્રમાણે : અપાનને પ્રાણમાં અને પ્રાણને અપાનમાં હોમીને યોગી પ્રાણ અને અપાનની ગતિને રોકી દે છે. એવી રીતે યોગી જીવનશક્તિ પર પ્રભુત્વ સ્થાપે છે. બીજી વખતે એમણે જણાવ્યું છે : જે યોગી બાહ્ય વિષયોના સંસર્ગ છોડી દઈને બંને ભ્રમરની મધ્યમાં દૃષ્ટિને કે મનોવૃત્તિને સ્થિર કરી, નાસિકાની અંદર સંચરનારા પ્રાણ અને અપાનની ગતિને સમાન તથા શાંત કરે છે, ઇન્દ્રિયોને, મનને ને બુદ્ધિને વશ કરીને ઇચ્છા–રહિત, ભ્રમરહિત, ક્રોધરહિત બને છે, ને મોક્ષ-પરાયણ થાય છે, તે યોગી સદા મુક્ત જ છે. એને જીવનમુક્ત બનતાં વાર નથી લાગતી.”

પ્રથમ ઉલ્લેખ ગીતાના ચોથા અધ્યાયના ૨૯મા શ્લોકમાં અને બીજો ઉલ્લેખ પાંચમા અધ્યાયના ૨૭મા તથા ૨૮મા શ્લોકમાં કરવામાં આવ્યો છે.

"ક્રિયાયોગ અથવા એના જેવી જ બીજી કોઈ પ્રક્રિયાને જાણતા હોવાથી સંત પોલ પ્રાણશક્તિના પ્રવાહને બહાર કાઢી શકતા અથવા રોકી શકતા. એથી એવું કહેતા કે ક્રાઈસ્ટના સોગંદ ખાઈને કહું છું કે હું દરરોજ મરું છું."

"પ્રાણશક્તિને અંતર્મુખ બનાવવાની પ્રક્રિયા સંત પોલ પરમાત્માના પરમચૈતન્યના અલૌકિક આનંદ સાથે પ્રતિદિન સાચો સંપર્ક સાધી શકતા એ આનંદમય અવસ્થામાં એમને ભાન રહેતું કે પોતે માયામય જગતથી પૂર્ણપણે મુક્ત છે."

"ક્રિયાયોગ શરીરને દીર્ઘ જીવન અર્પે છે અને ચેતનાને અસીમ બનાવે છે. ક્રિયાયોગી તન ને મનનો અધિકાર મેળવીને અંતે એના અંતિમ શત્રુ મૃત્યુને પણ મહાત કરે છે."

"સિદ્ધ ક્રિયાયોગીનું જીવન પૂર્વકર્મોના પરિણામ પ્રમાણે ચાલવાને બદલે આત્માના આદેશ પ્રમાણે જ ચાલે છે. એને સર્વ વ્યાપકતાની મુક્ત હવાનો સ્વાદ મળે છે. દેહાધ્યાસમાંથી પેદા થતી વિવિધ વાસનાઓથી મન, ઈચ્છાશક્તિ તથા લાગણીઓમાંથી મુક્તિ મેળવીને મનને મેરુદંડમાંની ઉચ્ચ શક્તિઓ સાથે સંબંદ્ધ બનાવીને, સૃષ્ટિમાં ઈશ્વરમય બનીને વિહરે છે."

ક્રિયાયોગના વર્ણન દ્વારા મહર્ષિ પતંજલિએ સૂચવ્યા પ્રમાણે યોગીનું તન, મન, અંતર અલૌકિક બને છે અને યોગી પોતાની અંદર રહેલી તથા બહાર સર્વત્ર વ્યાપેલી પરમાત્માની પરમચેતના સાથે સંપર્ક સાધે છે.



# "ગોપાલની મા"

શ્રી ક્રિસ્ટોફર ઈશરવુડ
અનુવાદક : ના. હ. જાની

પરમ પૂજ્ય પરમહંસ શ્રી રામકૃષ્ણદેવના કેટલાક સ્ત્રી-ભક્તોમાં શ્રી અઘોરમણિદેવીનો સમાવેશ થાય છે. પરમહંસદેવના અંતરંગ ભક્ત સમુદાયમાં તેઓ 'ગોપાલની મા' તરીકે જાણીતાં હતાં. એનું કારણ એ હતું કે તેઓ ભગવાન કૃષ્ણના બાલસ્વરૂપ 'ગોપાલ'ની ઉપાસના કરતાં અને તેમાં એટલાં તલ્લીન ને તરબોળ થઈ જતાં કે તેઓને આસપાસનું કશું ભાન રહેતું નહિ. ઉપાસનાના પાછળના તબક્કામાં આ 'બાલ ગોપાલ'નું એમને પ્રત્યક્ષ દર્શન પણ અવારનવાર થતું; એટલી ઉચ્ચકક્ષાએ તેઓ પહોંચ્યાં હતાં.

શ્રી અઘોરમણિદેવી જ્ઞાતે બ્રાહ્મણ હતાં. ખૂબ નાની વયમાં જ એમનું લગ્ન થયેલું, પરન્તુ તેઓ કંઈ સમજણાં થાય તે પહેલાં જ—'બાળ વિધવા' બનેલાં. આ સામાજિક પરિસ્થિતિના પરિણામે એમણે એમનું બધું જ ધ્યાન ભગવાન તરફ વાળ્યું. તેઓ ગંગાના કિનારે કામારહાટી પાસેના ભગવાન કૃષ્ણના મંદિરની નજીક નિવાસ કરી રહેવા લાગ્યાં. શ્રી રામકૃષ્ણ પરમહંસ રહેતા તે દક્ષિણેશ્વરથી - ગંગાકિનારે ઉત્તરમાં આ સ્થાન ત્રણેક માઈલ દૂર આવેલું છે.

કૌટુમ્બિક પરંપરાને લીધે, કે બીજા ગમે તે કારણસર એમણે ભગવાન કૃષ્ણના બાળસ્વરૂપની ઉપાસના કરવા માંડી. આ માટેની તેમને દીક્ષા આપનાર ગુરુ પણ વૈષ્ણવ હતા. બાળકૃષ્ણની – ગોપાલ ભગવાનની–ઉપાસનામાં પોતાનું મન ખૂબ એકાગ્રતાથી લગાડી દીધું. ગંગાતટ પરના શાન્ત પવિત્ર સ્થાનમાં રહી તેમણે સતત ત્રીસ વર્ષો સુધી બાળ ગોપાળની સેવાપૂજા કર્યે રાખી. પરિણામે લોકો તેમને 'ગોપાલની મા' તરીકે ઓળખવા માંડ્યા.

પરમહંસ શ્રી રામકૃષ્ણદેવના સંપર્કમાં તેઓ લગભગ ૧૮૮૪માં આવ્યાં હોય તેમ લાગે છે. કોઈ બીજાં સ્ત્રીભક્તની સાથે તે પહેલાં આવેલાં. પરન્તુ પાછળથી તેઓ એકલાં આવતાં.

પહેલી મુલાકાત પછીના થોડા દિવસો કેડે એમને ફરી દક્ષિણેશ્વર જવાનું થયું, ત્યારે તેઓ પ્રસાદ ખરીદવા બજારમાં ગયાં. પરન્તુ ત્યાં કોઈ તાજી મીઠાઈ પ્રસાદ માટે મળી નહિ. આથી તેઓને 'સંદેશ' નામની બંગાળી મીઠાઈ ખરીદવી પડી. પરન્તુ તે પણ વાસી તો હતી જ. આમ છતાં આ પ્રસાદ લઈને તેઓ જ્યારે પૂ. શ્રી રામકૃષ્ણદેવ પાસે પહોંચ્યાં, ત્યારે તેમનાં આનંદ અને આશ્ચર્ય વચ્ચે તેઓએ 'સંદેશ' ખાવા-ની ઈચ્છા વ્યક્ત કરી. એટલું જ નહિ, પરન્તુ આ વાસી સંદેશની મીઠાઈ તેઓ ખૂબ પ્રેમથી આરોગવા લાગ્યા. ખાતાં ખાતાં એમણે કહ્યું પણ ખરું, "મા, તમારા હાથની રસોઈ ખાવાની ખૂબ ઈચ્છા છે." આમ બોલી તેઓ જુદી જુદી ખાવાની વાનગીઓનાં નામ પણ બોલવા માંડ્યા. અન્તમાં એવી ઈચ્છા પ્રદર્શિત કરી કે આ વાનગીઓ બનાવી એ એમને જમાડે.

આ સાંભળી શ્રી અઘોરમણિદેવી તો ખૂબ મૂંઝાણાં, કારણકે એમની પાસે તો ખાસ પૈસા હતા નહિ! તો આ બધી વાનગીઓ બનાવવા માટે પૈસા લાવવા ક્યાંથી? પોતાને ખાવાની સામાન્ય વાનગી બનાવવા માટે પણ તેમની પાસે પૈસાના વાંધા પડતા તો આ બધી વાનગીઓ પોતે શી રીતે બનાવી શકવાનાં?

આવા બધા વિચારો મનમાં સ્વાભાવિક રીતે જ ઊઠતા હતા. તેમાં શ્રી રામકૃષ્ણ પરમહંસે ભગવાન વિષેની તો કોઈ વાત પણ ન કરી! આ વિચારે એમનું મન ઉદ્‌વિગ્ન બની ગયું! એમણે ફરી દક્ષિણેશ્વર ન આવવાનો સંકલ્પ કર્યો. પરન્તુ ભગવાનની લીલા અકળ છે. થોડા દિવસો પછી એમને આંતરિક પ્રબળ ઈચ્છા શ્રી રામકૃષ્ણ દેવ પાસે આવવાની થઈ



અને ભારતીય ધાર્મિક પરંપરા પ્રમાણે ખાલી હાથે ન આવતાં પોતાના માટે જે સાદું ભોજન બનાવેલું, તેનો જ પ્રસાદ લઈ આવ્યાં.

શ્રી રામકૃષ્ણદેવનાં ચરણોમાં પ્રસાદ ધરતાં જ તેઓ ખૂબ પ્રેમપૂર્વક ખાવા લાગ્યા, એટલું જ નહિ પરન્તુ એની બેહદ પ્રશંસા કરતાં બોલી ઊઠ્યા, "મા આ તો અમૃત છે!"

આ ઉપરથી જણાઈ આવતું કે એમને મન વાનગીના સ્વાદ કરતાં, તે બનાવનારના હૃદયના ભાવોનું મૂલ્ય ઘણું મોટું હતું. પવિત્ર માણસોના હાથે રાંધેલી રસોઈ જાણે અધ્યાત્મિકતા-ની પોષક ન હોય!

એક વહેલી સવારે શ્રી અઘોરમણિદેવી એમના ઓરડામાં ધ્યાનમાં બેઠાં હતાં. ત્યાં એમના આશ્ચર્ય વચ્ચે એમને ભગવાન બાલકૃષ્ણની જેમ જમણા હાથની મૂઠી વાળેલું શ્રી રામકૃષ્ણ પરમહંસનું સ્વરૂપ દેખાયું! એમના અચંબાનો પાર ન રહ્યો? એમણે ખાતરી કરી લીધી કે એમને જે દેખાય છે તે માત્ર કલ્પના તો નથીને! પરન્તુ ના, એ કલ્પના ન હતી. એમણે હાથ વડે એ સ્વરૂપને પકડ્યું. પકડતાં જ આશ્ચર્ય એ બન્યું કે શ્રી રામકૃષ્ણનું સ્વરૂપ અદૃશ્ય થઈ ગયું ને એમના સ્થાને માત્ર દસ માસના ભગવાન બાળગોપાળ દેખાયા. વળી તે કહેવા લાગ્યા, "મા, મને ખવડાવ."

એમના વિસ્મય વચ્ચે આ તો ખરેખર દેહધારી બાળક જ હતું! તેણે માત્ર ખાવાનું જ માગ્યું નહિ, પરન્તુ એ તેમના ખોળામાં આવીને બેઠું ને એમના ખભાઓ ઉપર ચઢીને એ તોફાન પણ કરવા લાગ્યું!

શ્રી અઘોરમણિદેવી પોતાના ઇષ્ટદેવની આવી પ્રત્યક્ષ લીલાથી આનંદની અવધિમાં ડૂબી ગયાં! એમણે બાળકને પોતાની કેડમાં તેડી લીધું ને ચાલી નીકળ્યાં દક્ષિણેશ્વર ભણી.

દક્ષિણેશ્વરના પટાંગણમાં જ્યારે તેઓ પ્રવેશ્યાં ત્યારે તેમનો દેખાવ કોઈ રાગજ ચસકી ગયેલ સ્ત્રીના જેવો લાગતો હતો! તેમના માથાનો અંબોડો છૂટી ગયો હતો. ઓઢેલી સાડી અડધી નીકળી જવાથી જમીન ઉપર ઘસડાતી હતી. તેમના મુખમાંથી ભાવાવેશમાં "ગોપાલ ગોપાલ" નામનો ઉચ્ચાર થતો રહેતો હતો!

શ્રી રામકૃષ્ણદેવને જોતાં જ તેઓ રડી પડ્યાં. ગોપાલ માટે આણેલો પ્રસાદ તેમણે શ્રી રામકૃષ્ણદેવને ખવડાવી દીધો! પછી કહેવા લાગ્યાં, "આ ગોપાલ ઘડીમાં મારી પાસે આવે છે તો ઘડીમાં તમારી પાસે. આમ એ આવ-જા કર્યા કરે છે ઘડીમાં તે શ્રી રામકૃષ્ણદેવના શરીરમાં પ્રવેશતો લાગે છે, તો વળી પાછો બહાર નીકળી, મારા ખોળામાં આવી ચડી બેસે છે! એની બાળલીલા મારાથી સમજાતી નથી."

આ પછી પણ, તેમને બાળગોપાલના સતત પ્રત્યક્ષ અનુભવ પછીના કેટલાય દિવસો સુધી થતો રહ્યો! તેઓ ઘરકામ કરતાં હોય ત્યારે આ ગોપાલ તેમનો છેડો પકડીને સાથે સાથે ફરતો. એમના હાથે ખાતો અને રાતે એમના ભેગો જ પથારીમાં સૂતો. જીવનમાં કદી પણ કલ્પ્યો ન હોય તેવો આ રોમાંચક અનુભવ હતો! કોઈ માને કે ન માને, પણ બાલગોપાલની આ પ્રત્યક્ષ થતી લીલાઓને પોતે કેવી રીતે અવગણી શકે?

પછી થોડા દિવસો કેડે જ્યારે શ્રી અઘોરમણિદેવી શ્રી રામકૃષ્ણ પરમહંસને મળ્યાં, ત્યારે તેઓએ કહ્યું, "મા તમારે હવે કોઈ જપ કરવાની જરૂર નથી. જે મેળવવા જેવું હતું તે તમને મળી ગયું છે."

પરન્તુ ગોપાલ ઉપરના પ્રેમને ખાતર, તેઓ જપ કર્યા સિવાય રહી શકતાં નહિ. આનું એક બીજું પરિણામ એ



આવ્યું કે હવે એમના મનમાં ગોપાલ અને રામકૃષ્ણદેવ વચ્ચેની અભિન્નતા પ્રસ્થાપિત થઈ હતી.

શ્રી અઘોરમણિદેવીને પછીના બે મહિનાઓ સુધી ગોપાલના આવા પ્રત્યક્ષ અનુભવ થતા રહ્યા. પછી ક્રમશઃ તે ઘટવા માંડ્યા. શ્રી રામકૃષ્ણદેવ કહેતા કે અઘોરમણિદેવીને જો આ જ રીતે અનુભવો થવા ચાલુ રહેશે તો તેઓ વધુ લાંબું જીવી શકશે નહિ. આમ છતાં શ્રી અઘોરમણિદેવી ગોપાલના પ્રત્યક્ષ અનુભવો બંધ થતાં ઘણાં વ્યથિત દેખાતાં.

એક દિવસ શ્રી અઘોરમણિદેવી ને શ્રી નરેન્દ્ર (સ્વામી વિવેકાનંદ) બન્ને એક સાથે દક્ષિણેશ્વરમાં ભેગાં થઈ ગયાં. શ્રી રામકૃષ્ણદેવ આવા વિરોધાભાસોની ચર્ચાઓમાં હંમેશા રમૂજ માણતા. તેઓએ શ્રી અઘોરમણિદેવીને પોતે અનુભવેલાં ગોપાલનાં સાક્ષાત્ દર્શન અને લીલાની વાત શ્રી નરેન્દ્રને કરવા આગ્રહ કર્યો. પરન્તુ એમને સંકોચ થતો હતો –એટલા માટે, કે થોડા દિવસો પહેલાં જ આવા અધ્યાત્મિક અનુભવોની વાતો બીજાઓને નહિ કરવા, શ્રી રામકૃષ્ણદેવે જ ચેતવણી ઉચ્ચારી હતી. આમ છતાં શ્રી રામકૃષ્ણદેવે મંદ હાસ્ય સાથે એને વર્ણવવા કહ્યું. આથી શ્રી અઘોરમણિદેવીએ, અશ્રુરુંધિત કંઠે ભાવપૂર્વક પોતાને બાળગોપાળનાં દર્શન પ્રથમ કેવી રીતે થયાં, તેનું વર્ણન કરવા માંડ્યું. આ વર્ણન કરતાં તે ભાવોના ઉદ્રેકને લીધે વચ્ચે વચ્ચે અટકી જતાં ને નરેન્દ્રને વિનંતીપૂર્વક કહેતાં, "બેટા! તું તો ખૂબ ભણેલો ને બુદ્ધિશાળી છે, જ્યારે હું તો ગરીબ ને અભણ સ્ત્રી છું. હું કશું જાણતી નથી. પરન્તુ મને સાચેસાચ કહે કે આવા અનુભવો થાય ખરા, કે તે માત્ર મારી કલ્પનાઓ જ છે?"

આટલું સાંભળતા જ, એની સ્વભાવગત શંકાશીલ પ્રકૃતિની ઉપરવટ જઈને નરેન્દ્ર ગદ્ગદિત થઈ ગયો. એની આંખમાંથી અશ્રુબિંદુ ટપકવા માંડ્યાં. તે લાગણીથી ઊભરાતા

સ્વરે એટલું જ બોલી શક્યો, "ના મા, તમે જે કંઈ જોયું છે, તે ખરેખર સત્ય છે. એની ખાતરી રાખજો."

પરમહંસ શ્રી રામકૃષ્ણદેવે શ્રી અઘોરમણિદેવી પાસે તેમને થતો બાલગોપાલનો પ્રત્યક્ષ અનુભવ શ્રી નરેન્દ્રને કહેવડાવી અઘોરમણિદેવીના અનુભવને નરેન્દ્ર જેવા શિક્ષિતનું સમર્થન મેળવી આપ્યું એથી તેમના મનનું સમાધાન થયું. જ્યારે શ્રી નરેન્દ્ર જેવા બુદ્ધિશાળી શિષ્યને એ પ્રતીતિ કરાવી કે દરેક આધ્યાત્મિક અનુભૂતિને બુદ્ધિ કે તર્ક વડે માપી કે સમજી શકાતી નથી; વળી આવી અનુભૂતિઓ માટે દુન્યવી શિક્ષણની આવશ્યકતા નથી, એ પણ સમજાવ્યું.

('રામકૃષ્ણ અને એમના શિષ્યો' પુસ્તકના આધારે)

*

## સંસાર તરવાનો સુલભ ઉપાય

— શ્રી વિનોબાજી

સાધક સારુ યમનિયમપૂર્વક ચિત્તનો નિરોધ કરવો, એ અગત્યનું હોય છે. તે માટે અભ્યાસ વૈરાગ્યયુક્ત અષ્ટાંગ યોગ એ એક શાસ્ત્રીય ઉપાય કહ્યો છે.

પણ યોગથી સધાનારું આ કાર્ય ઈશ્વર-પ્રણિધાનથી સુલભતાપૂર્વક થાય છે, એમ યોગશાસ્ત્રનું જ કહેવું છે.

તેથી જ્ઞાનદેવ કહે છે: તમે હરિનામ ગાઓ, સાંભળો, તેમાં તન્મય થઈ જાઓ, અને સહજ હસતાં-રમતાં સંસાર પાર કરી જાઓ.


શાસ્ત્રીય ઉપાય વિકટ લાગે છે, તો આ સુલભ ઉપાય તો અવશ્ય કરો.

(જ્ઞાનદેવ ચિંતનિકા)



## સર્વાંગાસન

મણિભાઈ શાહ




આપણા શરીરમાં ગળામાં હડિયા પાછળ અત્યંત મહત્ત્વની કંઠસ્થગ્રંથિ (Thyroid Gland) આવેલી છે. તેની ઉપર શરીર અને તેના તંત્રોની તંદુરસ્તીનો મોટો આધાર છે. આ આસન તે ગ્રંથિને તંદુરસ્ત અને કાર્યક્ષમ બનાવે

છે અને તે દ્વારા દેહનાં સર્વ અંગો-સર્વ તંત્રોને તંદુરસ્ત અને કાર્યક્ષમ રાખે છે તેથી આ આસનને સર્વાંગાસન કહેવાય છે.

**આસનની રીત :**

(૧) હલાસનની જેમ ચત્તા સૂઈ જાઓ- હાથ બાજુ પર, બંને પગ પૂરા લંબાવેલા. જુઓ ચિત્રપટ ૫, ચિત્ર નં. ૧. ( અધ્યાત્મ અંક-૩ )

(૨) બંને પગ જોડાજોડ સીધા રાખી જમીનથી ૩૦ ડિગ્રીએ ઊંચકો, જુઓ ચિત્ર નં. ૧ ( ચિત્રપટ-૬ ). પછી ૬૦ ડિગ્રીએ ઊંચકી ૩-૪ સેકંડ થોભો. અને ૯૦ ડિગ્રીએ બંને પગ ઊભા કરો. જુઓ ચિત્ર-૨. ૬૦ ડિગ્રીનું ચિત્ર આપેલ નથી, પરંતુ ૬૦ ડિગ્રીએ પગ સ્થિર રાખી ૩-૪ સેકંડ થોભવું લાભકારક છે.

(૩) હવે બંને પગ મસ્તક તરફ નમાવી દો. જુઓ ચિત્ર નં. ૩.

(૪) પછી નિતંબ અને કમર ઉઠાવી બંને પગ આકાશ તરફ ઊંચા કરો. જુઓ ચિત્ર ૪. સહેલાઈથી ન થઈ શકે તો આ વખતે બંને હાથનો બંને નિતંબની પડખે ટેકો આપી શકાય.

(૫) ત્યાર પછી બંને પડખે બંને હાથનો મજબૂત ટેકો આપી પીઠને ધકેલી બંને પગ આકાશ તરફ વધારે ઊંચા કરો. જુઓ ચિત્ર ૫.

(૬) અંતમાં બંને હાથેથી બંને પીઠ પડખે દબાણ કરી, છાતી દાઢી સાથે બરાબર દબાવી અને ધડ તથા પગ એક સીધી રેખામાં આવે અને જમીન સાથે કાટખૂણે ઊભા રહે એમ કરો. છાતી દાઢી સાથે લગોલગ દબાયેલી રહે તે અગત્યનું છે. ગરદનનો પાછળનો બધો ભાગ પણ જમીન સાથે લાગેલો રહેવો જોઈએ. જુઓ ચિત્ર નં. ૬. અહીં આસન પૂરું થયું. પછી નિયત સમય સુધી રાખી ઊલટા ક્રમથી ધીમેથી આસન છોડવું. આંખો બંધ કરી કંઠસ્થગ્રંથિ પર મનને સ્થિર કરવું તેમ જ શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિક રીતે ચાલવા દેવો.



આ આસન એકલું કરવાનું હોય ત્યારે ૨૦-૨૪ મિનિટ થઈ શકે પણ બીજાં આસનોની સાથે કરવામાં આવે તો વધુમાં વધુ સમય છ મિનિટ રાખવો, પરંતુ ૩૦/૪૦ સેકંડથી શરૂ કરી ક્રમે ક્રમે જ ૬ મિનિટ કે ૨૪ મિનિટ સુધી પહોંચવું જોઈએ.

**ફાયદા :**

(૧) કંઠસ્થ ગ્રંથિ ( Thyroid Gland ) ને નીરોગી અને સબળ બનાવી શરીરના સર્વ અંગોને-તંત્રોને કાર્યક્ષમ અને તંદુરસ્ત બનાવે.

(૨) રુધિરાભિસરણને વધારે ગતિમાન કરે.

(૩) શરીરને ઊભી સ્થિતિમાં સતત રહેવું પડતું હોવાથી પેટની અંદરના અવયવો સતત દબાણમાં રહે છે. સર્વાંગાસનમાં શરીરને ઊલટું કરાતું હોઈને અવયવો તાણ કે દબાણથી મુક્ત થાય.

(૪) નીચે ઊતરી ગયેલાં આંતરડાં, હોજરી વગેરેને યથાસ્થાને લાવવામાં અસરકારક છે.

(૫) જઠરાગ્નિ પ્રદીપ્ત કરે અને સમગ્ર પાચનતંત્રની કાર્યક્ષમતા વધારે.

(૬) જેની અશુદ્ધ રક્તવાહિનીઓ નબળી થઈ ગઈ હોય તેને રક્તાભિસરણ ભારે મદદરૂપ બને.

(૭) સ્ત્રીપુરુષની જનનગ્રંથિઓ (Sex Glands)ને લાભકારક છે.

(૮) ગરદનના અંકોડામાંથી નીકળતી જ્ઞાનતંતુની નાડીઓને સબળ બનાવે.

અહીં આ આસનના ફાયદા ટૂંકમાં આપેલ છે પણ આ આસનની બીજી પણ ઘણી આરોગ્યપ્રદ અસરો છે. તેથી આ આસન પણ શીર્ષાસનની જેમ યોગનું એક ઘણું મહત્ત્વનું આસન છે. અને પોતાના યોગના અભ્યાસક્રમમાં દરેકે તેનો સમાવેશ અવશ્ય કરવો જોઈએ.

**સૂચના :** ગરદનના મણકામાં દુખાવો હોય કે ગળામાં સોજો હોય તો આ આસન ન કરવું.

સુધારો : અંક ૩ માં હલાસનના ફાયદામાં (૬) માં જે છપાયું છે તેને બદલે કરોડની કસરત હોઇ ઉંચાઈ વધારે છે એમ વાંચવું.

❁

ગુરુ તો કદાચ મળે, પરંતુ ગુરુને પણ યોગ્ય શિષ્યો મળવા અઘરા છે. ગુરુતત્ત્વને સમજવાવાળો શિષ્ય ભાગ્યે જ મળે છે. ગુરુને મનુષ્ય જાણવાથી મનુષ્યોચિત્ત ફળ મળે છે ને તેમને દેવ જાણવાથી દેવોચિત ફળ મળે છે. ગુરુ સિવાયનું અન્ય ચિંતન વ્યભિચાર છે. ગુરુ તો બ્રહ્મા–વિષ્ણુ–મહેશનો સાર છે. જેણે મન, વચન, કાયાથી ગુરુને આત્મસમર્પણ કરી દીધું હોય તે ગુરુ જ બની જાય છે. જે પ્રમાણે નદી સમુદ્રમાં ભળીને સમુદ્ર બની જાય છે, તે પ્રમાણે તે પણ ગુરુથી ભિન્ન નથી રહેતો. ભગવાનથી અલગ રહે તે ભક્ત નહિ, અને ગુરુથી અલગ રહે તે શિષ્ય નહિ.

—**સ્વામી મુક્તાનંદ પરમહંસ**



# શ્રેયયાત્રા

( ૪ )

**ભાઈલાલભાઈ છાટબાર**

## પ્રથમ પ્રવચનનો પ્રતિભાવ

તે તા. ૨૫–૧૦–'૫૨ની રાતે અમે બંને મિત્ર પ્રથમ વાર પ્રવચનમાં ગયા. શ્રોતાવૃંદમાં ૨૫–૩૦ ભાઈઓ અને ૮–૧૦ બહેનો હતાં. અમે પ્રણામ કરીને શ્રોતાવૃંદમાં ગોઠવાયા.

મહાત્માજીએ 'નારદ ભક્તિસૂત્ર' ઉપરનાં પ્રવચનોનો ક્રમ ભાઈબીજને વળતે દિવસથી શરૂ કર્યો હતો. આજે પાંચમું અને અમારા માટે પહેલું પ્રવચન હતું.

પરમશક્તિની વંદનાના આરંભના શ્લોકો પછી, એક કલાક સુધી અસ્ખલિત વાણીપ્રવાહ વહી રહ્યો. ફૂલગૂંથણીની જેમ વહી આવતો શબ્દપ્રવાહ જાણે પ્રેસ માટે સીધું બોલાતું હોય તેવો સર્વાંગસુંદર હોવાનું અનુભવ્યું. ગુજરાતીમાં ડોકટરેટ પ્રાપ્ત કરનાર વિદ્વાન સાક્ષરોને પણ અહીં શિષ્ટ, સુસંસ્કૃત અને વિચારઘન છતાં પ્રવાહી ભાષા કેવી હોઈ શકે તેનો બોધ થાય તેમ હતું.

ગુજરાતી ભાષા ઉચ્ચતમ વસ્તુ–વિષય માટે આવી સુંદર રીતે શ્રેષ્ઠ વિચારવાહક બનવા સક્ષમ છે, તે કલ્પનાતીત હતું. ભક્તકવિઓની કંઠસ્થ પંક્તિઓની રજૂઆત સ્પૃહણીય હતી.

વર્ણાનુપ્રાસ, નિદર્શન, વિભાવના, સજીવારોપણ, માલારૂપક જેવા અલંકારોથી યુક્ત શબ્દલાલિત્ય છતાં સરળ અને સુબોધ વાક્ધારાથી મંત્રમુગ્ધ બની અમે સૌ તે સાંભળી રહ્યા. હૃદયમાં આરપાર ઊતરી જાય તેવી અનુભૂતિમૂલક વેધક વાણી હતી.

વક્તાની ચેતનાનો શ્રોતાઓની ચેતનાને થતો સંસ્પર્શ એ પણ અનુભવાતીત હતું.

અગાઉના મારા કૉલેજ અભ્યાસ અને નોકરીના મળી દશેક વર્ષ (૧૯૩૨-૪૨) ના સમયગાળા દરમિયાન ભાવનગરમાં શ્રી કિશનસિંહજી ચાવડાને સાંભળેલ. પ્રથમ વાર મોતીબાગ વ્યાયામશાળાના પ્રાંગણમાં સાંભળ્યા પછી તેઓને સાંભળવાનો એક પણ અવસર એ સમયગાળા દરમિયાન હું ચૂકેલો નહિ. પ્રથમ કોટિમાં મૂકી શકાય તેવા જૂજ ગુજરાતી વક્તાઓમાં તેઓ અગ્ર હરોળનું સ્થાન ધરાવે છે.*

આજે ફરીથી પ્રથમ હરોળના અતિ ઉચ્ચ કક્ષાના વક્તાને સાંભળતો હોઉં એમ લાગ્યું.

મનુષ્યના મન-બુદ્ધિના તોફાની કિનારાઓના પેલે પારથી નિગૂઢતમ ચિંતનસૃષ્ટિમાંથી મહાત્માજીની મધુર વાણીનો અખંડ પ્રવાહ વહી રહ્યાનો આ અદ્‌ભુત અનુભવ હતો. શબ્દ આપમેળે પોતાનું વજન લઈને પોતાને યોગ્ય સ્થાને આવીને ગોઠવાઈ જતો હતો. સુયોગ્ય શબ્દ સુયોગ્ય સ્થાને ગોઠવાઈને પ્રવાહિત થઈ રહ્યાનો આ અજોડ અને અનોખો અનુભવ હતો.

આજની અમૃતવાણીનો અનુભવ સત્યના કોઈ આલોકપૂર્ણ રાજમહાલય તરફ દોરીને લઈ જતો હતો-એવો રાજમહાલય કે જેમાં સર્વત્ર આનંદના ખંડો અને શાન્તિનું નિવાસસ્થાન છે. આજ સુધી મનના ઝરૂખા અને બુદ્ધિની અટારીએથી જીવનપાથેયનું સર્વ કંઈ મૂલવ્યું હતું અને અતૃપ્તિ તથા અભાવની લાગણી અનુભવતો રહ્યો હતો. આત્મિક ક્ષુધા જેવી ને તેવી જ પ્રબળ હતી.

* શ્રી કિશનસિંહજી તા. ૧-૧૨-'૭૯ ના રોજ સ્વર્ગવાસી થયા છે.



આ મન-બુદ્ધિમાં ન સમાઈ શકે તેવું કંઈક આજે સંભળાઈ રહ્યું હતું-સીધું જ આંતરચેતનાને સ્પર્શે તેવું.

આ પહેલા જ પ્રવચને મન, હૃદય અને અંતરમાં ઊંડું સંવેદન જગાડ્યું. પ્રવચન બાદ મીઠા-મધુર સ્વરે મહાત્માજીએ ધૂન લેવરાવી. તેના સૂર-તાલે મન-પ્રાણ ઝંકૃત થઈ ઊઠ્યા.

પ્રવચનની સમાપ્તિ પછી બાર-પંદર વ્યક્તિઓ મહાત્માજી પાસે રોકાય છે. પ્રવચન પછીની આ સત્સંગ-બેઠકમાં ગોરધનભાઈ, રસિકભાઈ, ભગવાનભાઈ, સુ. નરોત્તમદાસભાઈ (જે. પી. હાઈસ્કૂલના ત્યારના આચાર્યશ્રી) મોહનભાઈ વગેરે સામેલ છે. આજથી મહાશંકરભાઈ તથા હું પણ નિયમિત રીતે તેમાં જોડાયા.

રસિકભાઈ અને ભગવાનભાઈ સેવામાં, ગોરધનભાઈની મદદમાં, જરૂર પડ્યે રહે છે. બંને સત્સંગપ્રેમી, સેવાભાવી અને સુખી પરિવારના છે.

મહાત્માજી જાળીવાળી બંધ ઓશરીના બારણા પાસે ખુરશી ઉપર બેસે છે. માતાજી બેઠકખંડના ઉંબરા પાસે બેસે છે અમે અને સૌ બંને ખંડ આગળની આ સળંગ ઓશરીમાં પથરણા ઉપર બેસીએ છીએ.

આ સત્સંગબેઠકમાં સામાન્ય રીતે નવા જોડાનાર ભાઈનો પરિચય, વાતચીત અને પ્રશ્નોત્તરી દ્વારા સંવાદ ચાલે છે.

મહાત્માજી પ્રશ્નોના ઉત્તર સંપૂર્ણ નિખાલસતાથી પ્રેમપૂર્વક આપે છે. ઉત્તરમાં આવરી લેવાતી, સાધનાને પ્રેરક, પોષક અને માર્ગદર્શક વાતોથી, સામાન્ય પ્રશ્ન પણ અસામાન્ય બની રહે છે.

મહાત્માજી આ બેઠકમાં સહજભાવે સૌ કોઈનો પરિચય કરી લેતા દેખાય છે. કંઈ પ્રશ્ન ન નીકળે તો સામાન્ય વાતચીત

પણ થાય છે. મહાત્માજી સૌ કોઈને માટે અજાણ્યા અને નવા છે. મહાત્માજીને અમારામાંથી કોઈ જાણે કે અજાણ્યું લાગતું નથી. આજે પ્રથમ દિવસે મેં પ્રશ્ન કરેલ.

પ્રશ્ન : મનુષ્યજન્મ પછી મનુષ્યજન્મ જ મળે તે ખરું છે?

મહાત્માજી : તેવું કંઈ નિશ્ચિત નથી. જન્મમરણની ઘટમાળ કર્માનુસાર અને અંતિમ સમયની કોઈ પ્રબળ કામના અનુસાર ચાલતી હોય છે.

પેટા પ્રશ્ન : અન્ય નીચી કોટિની યોનિઓમાંથી જીવ મનુષ્યકોટિ સુધી પહોંચ્યો હોય છે. પછી વિકાસના સિદ્ધાન્તની વિરુદ્ધ નીચે ઊતરવાનું કેમ બને? મેટ્રિકપાસ વિદ્યાર્થીને કોઈ પહેલી અંગ્રેજી (પાંચમી)માં બેસાડી દે તેવું તે લાગે છે. આ જેમ અયોગ્ય અને અસંભવિત છે, તેમ મનુષ્યજન્મ પછી પશુયોનિમાં કે અન્ય નીચી યોનિમાં મોકલી દેવાનું પણ અયોગ્ય અને અસંભવિત નથી?

મહાત્માજી : કર્મની ગતિ અનુસાર મનુષ્યયોનિમાંથી અન્ય યોનિમાં પણ જન્મ થઈ શકે. આપણી પૌરાણિક કથામાં તે માટે ભરતઋષિનું દૃષ્ટાંત છે જ. હરણના બચ્ચામાં તેમને આસક્તિ થતા, ઋષિ જેવા ઋષિને પણ બીજા જન્મે હરણનો અવતાર લેવો પડેલો.... કાશીના મઠાધિપતિ મહન્તના એક શિષ્યનો કિસ્સો છે. આગલા જન્મનો મહન્તનો તે શિષ્ય વર્તમાન જન્મમાં ઊંટની યોનિ પામ્યો હતો. આ ઊંટ પૂર્વજન્મના સંસ્કારે, આગલા જન્મના ગુરુ–આ મહન્તનાં પ્રવચનોમાં હંમેશા હાજર રહેતું. પ્રવચનના સમયે અન્ય શ્રોતાઓની જેમ નિયમિત સમયે તે આવતું અને પ્રવચનની સમાપ્તિ થતાં જતું રહેતું. એકાદશીનો ઉપવાસ પણ તે કરતું.

વર્ષોના આ ક્રમ પછી એક દિવસ તેના જીવનની છેલ્લી ઘડીએ તે ઊંટે ડોક લંબાવી ગુરુમહારાજના ખોળામાં પોતાનું મુખ–મસ્તક રાખીને પ્રાણ છોડ્યા હતા.



મહન્તે અન્ય શિષ્યોને કહ્યું કે 'આ ઊંટ એ પૂર્વજન્મનો મારો શિષ્ય હતો. તેના કોઈ કર્મના વિપાકરૂપે તેનો ઊંટની યોનિમાં જન્મ થયો હતો.'

આ બન્ને કિસ્સા ઉપરથી મરણકાળની પ્રબળ વાસના કે કર્મની ગતિ, પછીના બીજા જન્મના કારણરૂપ દેખાય છે.

શાસ્ત્રો અને સંતપુરુષોનાં વચન મુમુક્ષુઓ માટે પ્રમાણ ગણાય છે. તેમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવી જોઈએ.

મહાત્માજીના ઉત્તરથી મનમાં સંતોષ થયો–સવિશેષ સંતોષ તો એટલા માટે કે અતિ પ્રેમપૂર્વક આત્મીયભાવે ઉત્તર આપવાની તેઓશ્રીના શૈલી ગમી જાય તેવી અને મનને વશ કરી લે તેવી હતી.

મન–બુદ્ધિ દ્વારા તર્ક લડાવવાની કોઈ આવશ્યકતા રહેતી ન હતી, કેમ કે તેઓશ્રીની આત્મપ્રત્યયથી બોલાતી વાણી સામે તર્ક માટે કોઈ અવકાશ ન હતો.

પરમાત્મા સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ અને પ્રેમસ્વરૂપ છે, એમ વર્ણન થાય છે. આ બધાં સ્વરૂપોમાં મહાત્માજી સવિશેષ પ્રેમસ્વરૂપ છે. સર્વતોભદ્ર પ્રેમની આ ગંગોત્રીમાં નિમજ્જન પ્રાણમાં પ્રસન્નતા પાથરી દે છે.

મહાત્માજીએ બે ગીત–ભજન ગાયાં. અમે સૌએ પ્રણામ કરીને રજા લીધી.

[ક્રમશઃ

# જીવનના ઊંડાણમાં

સંગ્રાહક : **શ્રી જે. વી. શાહ**

માણસના જીવનમાં સુકૃત સંખ્યામાં જૂજ હોય છે અને દુષ્કૃત અગણિત હોવાનું જોવા મળે છે. સુકૃતો ગોપનીય હોવા છતાં અહંતાથી પ્રેરાઈને માણસ તેને પ્રકટ કરતો રહે છે. બીજી તરફ તે પોતાનાં દુષ્કૃત છુપાવીને સારો દેખાવા પ્રયત્નશીલ હોય છે. તે ચોર હોવા છતાં શાહુકાર, વિષયાંધ હોવા છતાં વિરાગી અને જૂઠો હોવા છતાં સત્યવાદી હોવાનો આડંબર કરે છે. દુષ્કૃતથી આત્મિક વિકાસ કદાપિ થાય નહિ.

સુકૃત જીવન-ઈમારતનો પાયો શુદ્ધ અને મજબૂત બનાવે છે, ત્યારે દુષ્કૃત પાયામાં લૂણો લગાડે છે અને અધર્મની ઈમારત ઊભી કરે છે. આત્મનિરીક્ષણ કે ઈષ્ટગુરુ સમક્ષ પ્રામાણિક એકરાર દ્વારા દુષ્કૃતની અવહેલના કરી તેને દૂર કરી શકાય છે.

ગુપ્ત સુકૃત ગુપ્ત બીજની જેમ ફળદાયી છે ત્યારે દુષ્કૃતનાં બીજ કાંટાળા બાવળને ઉગાડવાનું કામ કરે છે. એક અમૃતવેલને ઉછેરવાનું કામ કરે છે ત્યારે બીજું શલ્ય પેદા કરનારી વિષવેલને જતન કરીને પોષે છે. કાંટાથી બચવાની આશા સેવનારાઓ ભ્રમમાં રાચતા હોય છે.

'સુકૃતને સુસ્વાગતમ્ અને દુષ્કૃતને હકાલપટ્ટી '—એ રટવા જેવો જીવનમંત્ર છે.

માણસે પોતે આચરેલાં અને અનુમોદેલાં સુકૃતોની યાદી રોજ રાતે રોજનીશીમાં કરવી જોઈએ અને તેવી જ રીતે ચિંતવેલાં કે આચરેલાં દુષ્કૃતોની યાદી પણ લેખે કરવી જોઈએ.



વિવેકબુદ્ધિથી કરાયેલી બંનેની તુલના દ્વારા અશુદ્ધિનું સ્થાન વિશુદ્ધિ લેશે. દુષ્કૃત ધીરે ધીરે એક પછી એક કે એકસામટાં વિદાય લે, તે માટે કમર કસવાની રહે છે. તેમ થતાં જીવન સુકૃતની સૌરભથી સુગંધિત બની રહેશે અને જીવનમાં શુભની પ્રતિષ્ઠા થશે.

દુષ્કૃત દુર્ગતિના દરવાજા ખુલ્લા કરી દે છે ત્યારે સુકૃત ઐહિક–પારલૌકિક કલ્યાણ કરે છે.

## સાચી સમજ

વેદોમાં અનેક માર્ગ કહ્યા છે. શાસ્ત્રોમાં અનેક દુર્ગમ ચર્ચાઓ કરેલી છે. પુરાણમાં અનેક કથા ભરેલી છે.

એ બધાનો સાર છે ઈશ્વરદર્શન. એક જ પરમેશ્વર આત્મારૂપે બિરાજમાન છે.

જીવ પણ તે જ છે.

અને શિવ પણ તે જ છે.

તે અણુએ અણુમાં સર્વત્ર સભર ભર્યો છે.

બસ, આટલું ખ્યાલમાં રાખ. અને બાકી બધું ખુશીથી ભૂલી જા.

( જ્ઞાનદેવ ચિંતનિકા ) — **શ્રી વિનોબાજી**

## મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા

મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા
જેથી જનમ-મરણના ફેરા ટળ્યા
ગુરુજીએ આપી જ્ઞાનની ગોળી
લીધી મેં તો પ્રેમ ધરી,
જ્ઞાનની ગોળીએ ઘેલી કીધી,
લોકલાજને મેલી દીધી,
સંતની સંગે બની દીવાની
પ્રભુભક્તિની મસ્તી ચઢી.
સ્વજનોની સંગતો લાગી ખારી
સંગત પ્રભુની લાગી પ્યારી,
સ્વજનોની સંગત સ્નેહે છોડાવી
દિવ્ય દર્શનની ઝાંખી ધરી.

શ્રી સર્વેશ્વરી

## ઘટમાળ

પ્રેમમયી મૂર્તિ મેં સ્થાપી,
મા! તુજ પ્રેમમયી મૂર્તિ!
મનમંદિરિયે સ્થાપી.
ત્યાં તેજ ગયું વ્યાપી,
મા! તેં તોડી!
વારંવાર!
મેં જોડી...!
બસ આ જ એક પ્રવૃત્તિ.
સર્જન!!!
વિસર્જન!!!
સગુણ! નિર્ગુણ!
નિરંતર ચાલે એ ઘટમાળ!

શ્રી રમાબહેન અ. જાજલ



## પૂતના અને રાધા

શી પૂતના! બક અસુરની તું ભગિની!
રે બાળકૃષ્ણ તણી કાળ, શી કંસ-જાળ!
માતૃ-સ્વસા કપટપાઠ સ્તને-વિષાળ,
વાણી-રસાયણ, હરો ઉર સ્નેહભીની?

રાધા! ખરે જ વૃષભાન તણી દુલારી?
કે કલ્પના કવિ-તણી? રતિ આત્મબ્રહ્મ?
ધારા તું સ્નેહતણી, કૃષ્ણની પ્રાણ-પ્યારી,
તું અર્ક ગોપી-ગણનો, રશ-પ્રેમ-ધર્મ.

હૈ શાપનાં, કપટનાં પીધ કાલકૂટ,
થૈ પૂતના ગરલના દીધ કારી પૂટ;
ધારા અજસ્ર મહીં કૃષ્ણ-હયું વહાવ્યું,
રાધા ખરે! પ્રણયગીત પ્રમત્ત ગાયું.

એકે ત્હને કપટથી પય-વિષ પાયું!
ને અન્યના અમૃતપાનથી તું ચિરાયુ!

શ્રી રણજિત પટેલ (અનામી)

## ચિત્ત ધરીયે

હે મન! હરિચરણે ચિત્ત ધરીયે.
મોહ અને માયાનાં બંધન, આપમતિ પરહરીયે,
હે મન...

વિષય વિકાર તણી મનસાએ, જર્જર: થઈ છે કાયા,
ભ્રમણના વર્તુળમાં પ્રાણી, તુજ મનોરથ અટવાયા;
ચિંતનની ચારૂ કેડી પર, હળવે ડગલાં ભરીયે.
હે મન...

ઉરતંત્રીને તાર ગુંજશે, એવી તો સ્વરધારા,
ભવસાગરના સુલભ થઈ જશે, અંતિમ ઉભય કિનારા;
અંતરતમ અંતરના સ્વામી, એને કેમ વિસરીયે.
હે મન...

શ્રી રજનીકાન્ત મહેતા

## સંતમહિમા

પુષ્પબાગ પર પવન પ્રસરતો,
સુવાસિત જડ ચેતન કરતો;
કુસુમબાગ સમ સંતજીવન છે,
પરહિત સેવાનું ઉપવન છે ... (૧)

ચંદ્રકિરણની શીતળ હેલી,
મોદ-પ્રમોદની નિર્મળ કેલી;
સંતચક્ષુ અમૃતનાં ઝરણાં,
એક દૃષ્ટિ ભવપાર ઉતરણા ... (૨)

બંસરીનાદની રસમય બોલન,
તન્મય બનતી દિલ દિલ ડોલન;
સંતવાણીમાં નાદ ભક્તિનો,
ઉપાસનાની ભવ્ય શક્તિનો ... (૩)

ખળખળખળ સરિતાનીર વહેતાં,
દિવ્ય શક્તિની ગાથા કહેતાં;
સંતશબ્દની વહેતી ધારા,
બ્રહ્મજ્ઞાનની ગંગાધારા ... (૪)

સહજ સ્મરણથી શુદ્ધિ આવે,
સહજ મિલનથી દુઃખ વિસરાવે;
સહજ દૃષ્ટિથી તિમિર પ્રજાળે,
સહજ શબ્દથી બ્રહ્મ બતાવે ... (૫)

હિમ-શૃંગ પર બેસણહારા,
તુરીયાવસ્થામાં રહેનારા;
જગહિત કાજે વિચરનારા,
શત-કોટિ હો નમન અમારાં ... (૬)

શ્રી કે. ટી. શાહ



## દીવડીએ રંગ રાખ્યો

મારી દીવડીએ રંગ રાખ્યો.

સાવ સોનાનો સૂરજ ઝાંખો રે;
સાવ રૂપાનો ચાંદો પાંખો રે;
સાવ ઝાંખા સિતારા લાખો રે;
મારી દીવડીએ રંગ રાખ્યો.

આમ જુઓ તો કોડીને મૂલે;
કાળી ને કુબડી કોણ કબૂલે?
એમાં જ્યોતિ અમૂલખ આંખ્યો રે;
મારી દીવડીએ રંગ રાખ્યો.

જીવણ દીધો એ ઝળ જ્યોતિ;
ગોતણ એને શકે નવ ગોતી;
એના કિરણે અલખ પથ દાખ્યો રે;
મારી દીવડીએ રંગ રાખ્યો.

શ્રી મનુભાઈ ત્રિવેદી (સરોદ)

## રત્નચિંતામણિ જન્મ ખોયો

જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષીદેહ તારો એમ એળે ગયો; માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.
શું થયું સ્નાન, સેવા ને પૂજા થકી? શું થયું ઘેર રહી દાન દીધે?
શું થયું ધરી જટા, ભસ્મ લેપન કર્યે? શું થયું વાળ લોચન કીધે?
શું થયું તપ ને તીરથ કીધા થકી? શું થયું માળ ગ્રહી નામ લીધે?
શું થયું તિલક ને તુલસી ધાર્યાં થકી? શું થયું ગંગાજળપાન કીધે?
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે? શું થયું રાગ ને રંગ જાણ્યે?
શું થયું ખટ દરશન સેવ્યા થકી? શું થયું વરણના ભેદ આણ્યે?
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમારામ પરિબ્રહ્મ ન જોયો?
ભણે 'નરસૈંયો' કે તત્ત્વદર્શન વિના, રત્નચિન્તામણિ જન્મ ખોયો;

— નરસિંહ મહેતા

# ધ્યાન-શાન્તિનો રામબાણ ઈલાજ

પ્રા. શશીકાન્ત કોન્ટ્રાક્ટર, M. A.

આજનો યુગ એ ઘોર ભૌતિકવાદી યુગ છે. એમાં ભૌતિક સુખ-સમૃદ્ધિને જ સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. શહેરી સંસ્કૃતિનો પ્રસાર વ્યાપક પ્રમાણમાં થયો છે. ચારે બાજુ અશાન્તિ, કોલાહલ તથા શોરબકોરનું સામ્રાજ્ય નજરે પડે છે. આજે સંપત્તિમાન તેમ જ સંપત્તિહીન સૌ કોઈ અશાન્ત છે. કેટલાયે લોકો મનોવિકૃતિના શિકાર બન્યા છે અને જગતનો માનવી શાન્તિ માટે ઝંખે છે, "**अशान्तस्य कुतः सुखम् ?**" અશાન્તને સુખ વળી કેવું ?

આ પ્રશ્નનું સમાધાન આધ્યાત્મિક માર્ગે જ થઈ શકે. અશાન્તિ દૂર કરી શાન્તિનું સામ્રાજ્ય ફેલાવવા માટે ધ્યાન રામબાણ ઈલાજ છે. બધા માટે ધ્યાન ઉપયોગી છે. વકીલો, ડોક્ટરો, પ્રાધ્યાપકો, વ્યાપારીઓ બધા જ ધ્યાનનો આશ્રય લઈ શકે છે. ધ્યાનનો આશ્રય લેવાથી પોતપોતાના કાર્યમાં, પોતપોતાના વ્યવસાયમાં અધિક કાર્યક્ષમતા આવે છે. સાંસારિક વ્યવહારો મનનું સંતુલન ગુમાવ્યા સિવાય સુચારુ-રૂપે થઈ શકે છે.

આના પરથી સહેજે મૂળભૂત પ્રશ્ન ઊભો થાય કે આ ધ્યાન શું છે? તના પ્રકારો કયા છે? તેની પદ્ધતિ શી છે? મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં અષ્ટાંગયોગના કરેલ વર્ણન-માં 'ધ્યાન' સાતમું સોપાન છે. તેનાં સોપાનો અનુક્રમે આ પ્રમાણે છે: યમ, નિયમ, આસન, પ્રાણાયમ પ્રત્યાહાર, ધારણા, ધ્યાન તથા સમાધિ.

ધ્યેય પદાર્થ તરફ મનનું સાતત્યથી વહેવું તે ધ્યાન કહેવાય. ધ્યાન એકાગ્રતાનું ગાઢ સ્વરૂપ છે. પરમહંસ શ્રી



યોગાનંદજીના મતાનુસાર "ધ્યાન ઈશ્વર સાક્ષાત્કારનો અતી-ન્દ્રિય માર્ગ છે. "Meditation is the transcendental way to God." ભગવાન રમણ મહર્ષિના મત અનુસાર જપ માનસિક થાય છે ત્યારે ધ્યાન કહેવાય છે. ધ્યાન મનુષ્યનો સહજ સ્વભાવ છે. એ યત્નપૂર્વક કરવામાં આવે છે માટે ધ્યાન તરીકે ઓળખાય છે. વિચારોનો વેગ જ્યાં સુધી સતાવતો હોય ત્યાં સુધી પ્રયત્નની આવશ્યકતા હોય છે. જપથી ધ્યાનની સિદ્ધિ થાય છે અને ધ્યાનથી આત્મસાક્ષાત્કાર શક્ય બને છે.

મનને વિષયરહિત બનાવવું એ ધ્યાન છે. ધ્યાન ઈશ્વરની શક્તિને ખેંચી લાવનાર લોહચૂંબક છે. ધ્યાન યોગનું હૃદય છે, આત્માનું ચિરંતન સંગીત છે, જ્ઞાન-કર્મ-ભક્તિની ગુરુ ચાવી છે. ધ્યાન ઈશ્વરપ્રાપ્તિ માટેનો મહાન યજ્ઞ છે.

મહર્ષિ વ્યાસે ગીતાના 'આત્મસંયમયોગ' નામના છઠ્ઠા અધ્યાયના શ્લોક ૨૦થી ૨૩મા ધ્યાનની સમજ તથા ઉપયોગિતા વર્ણવી છે, જેનો ભાવાર્થ આ પ્રમાણે છે: "યોગસેવન વડે નિરુદ્ધ થયેલું ચિત્ત ઉપરામ પામે છે. આત્માથી આત્માનો અપરોક્ષ અનુભવ થતા આત્મામાં જ સંતોષ પમાય છે. બુદ્ધિગ્રાહ્ય છતાં અતીન્દ્રિય સુખનો સ્વાદ સહજ બને છે. પછી બીજા કોઈ લૌકિક-પારલૌકિક લાભને મેળવવાની ઇચ્છા નથી રહેતી અને તેમાં સ્થિતિ થયા પછી ગમે તેવા ભારે દુઃખથી પણ ચલાયમાન નથી થવાતું. દુઃખોના સંયોગનો આત્યંતિક અંત લાવનારી એ સાધના અને અવસ્થા-વિશેષનું નામ યોગ છે. એનો અભ્યાસ નિશ્ચયપૂર્વક, એકધારો તથા ઉત્સાહથી કરવો જોઈએ." આ અનુસંધાનમાં આ જ અધ્યાયનો શ્લોક ૧૨, ૧૩, ૨૪, ૨૫, ૨૬ અને ૩૫ જોઈ જવા યોગ્ય છે.

સાંપ્રત ભારતના આધ્યાત્મિક જ્યોતિર્ધર મહાત્મા યોગેશ્વરજીની ધ્યાનપદ્ધતિ સમન્વયાત્મક હોવાથી સર્વને સાનુકૂળ અને લાભ પહોંચાડનારી છે. તે પદ્ધતિમાં આસન, પ્રાર્થના, પ્રાણાયામ, મુદ્રાઓ વગેરેનો આશ્રય લઈ સાકાર અને નિરાકાર, ધ્યાનસાધનામાં સાધકની રુચિ અનુસાર આગળ વધી શકાય છે. 'ધ્યાનસાધના' પુસ્તિકા (પ્રકાશક: મહાત્મા યોગેશ્વરજી ચેરીટેબલ ટ્રસ્ટ, ૩૧, ગવનમેંન્ટ સર્વન્ટસ હાઉસીંગ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૯)માં આ પદ્ધતિ અંગે સવિસ્તર માહિતી છે.

સફળ ધ્યાન માટે સુચારુ, સંયમિત (Well Controlled), અને સુસ્થિર (Concentrated) મનની જરૂર છે. એ માટે નીચેના નિયમોનું પાલન આવશ્યક છે :

(૧) સાત્ત્વિક આહાર (૨) એકાંત સેવન
(૩) સત્સંગ (૪) ભક્તિમય સંગીત (Devotional Music)
(૫) સંતોનાં જીવનચરિત્રો તથા ઉપદેશોનું વાચન. (૬) ભગવદ્‌ગીતાએ બોધેલ બે નિયમો : ૧. અભ્યાસ અને ૨. વૈરાગ્ય.

આપણા દેશમાં ઘણાં ધ્યાનકેન્દ્ર ચાલે છે. વિદેશોમાં પણ આજે હજારો માણસો ત્યાં કાર્ય કરી રહેલાં ધ્યાન-કેન્દ્રોનો નિયમિત આશ્રય લે છે. ત્યાં 'ધ્યાન' પર અનેક વૈજ્ઞાનિક સંશોધનો થયાં છે અને થઈ રહ્યાં છે. ધ્યાનનો મુખ્ય લાભ તો શાંતિની પ્રાપ્તિ છે; એનાથી માનસિક શાંતિ ઉપરાંત શારીરિક અનેક લાભો થાય છે. વિદેશમાં 'ધ્યાન દ્વારા ઉપચાર' ક્ષેત્ર વિકસિત થઈ રહ્યું છે અને રોગોના ઈલાજ થવા લાગ્યા છે.



## શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ

શ્રી યોગેશ્વરજી

અધર્મ જ્યારે પ્રસરે ધરામાં,
અંધાર વ્યાપે જડતા હવામાં,
ત્યારે તમે જ્યોતિ બની પ્રકાશો
ને ચેતના નિત્ય નવી પ્રસારો;
સદ્‌ધર્મને નૂતન પ્રાણ આપો
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો.

યુગે યુગે ચિન્મય દેહ ધારી,
લીલા કરી પ્રેરક દિવ્ય ન્યારી,
અનુગ્રહે ભક્ત અસંખ્ય તારી
સંમોહ સંતાપ વિષાદ મારી;
પ્રકાશનો પંથ સદા બતાવો
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો.

મા શારદાના પ્રભુ પ્રાણપ્યારા,
યોગીન્દ્ર જ્ઞાની ઋષિશ્રેષ્ઠ ન્યારા,
હે પ્રેમના સાગર હે પવિત્ર
પ્રપન્નના પૂરણ સત્ય મિત્ર;
કૃપા કરો તો ભય ના રહે કશો
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો.

કૃપા કરી દો વરદાન આપો,
આસક્તિ ને ક્લેશ મમત્વ કાપો,
રક્ષો સદા સર્વ સ્થળે અમોને
પ્રશાંતિ પૂર્ણત્વ વિમુક્તિ આપો;
અનાથના નાથ થયા સદા છો
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો.

# આફ્રિકા—યાત્રા

શ્રી સર્વેશ્વરી

[ આફ્રિકાના ઝામ્બિયાના કાબ્વે શહેરમાં અખિલ ઝામ્બિયા નવમા ભજન સંમેલનના મુખ્ય મહેમાન તરીકે મહાત્મા શ્રી યોગેશ્વરજીને ખાસ આમંત્રણ આપવામાં આવેલ. તેઓશ્રી અઢીમાસ જેટલો સમય ત્યાં રોકાયા ને કાબ્વે ઉપરાંત બીજાં શહેરોમાં પણ અધ્યાત્મિક પ્રવચનો ને ભારતીય તત્વજ્ઞાન વિષેની સાચી સમજ ફેલાવામાં સારો એવો ફાળો આપ્યો.

તેઓશ્રીના ઝામ્બિયાના પ્રવાસ દરમ્યાન પૂ. શ્રી. સર્વેશ્વરીદેવી સાથે હતાં. તેઓના મધુર ને ભાવપૂર્ણ કંઠે ગવાતાં ભજનોએ ત્યાંની જનતાને મંત્રમુગ્ધ કરેલ. તે ઉપરાંત, બહેનોને યોગાસનો અને ધ્યાનની પ્રક્રિયાઓ શીખવવામાં પણ સારા જેવો ફાળો આપેલ.

અહીં તેઓએ પૂ. શ્રી. યોગેશ્વરજીના આફ્રિકાના પ્રવાસ અંગેના જિજ્ઞાસુઓના કેટલાક પ્રશ્નોના જવાબો શકય તેટલા સંક્ષેપમાં આપ્યા છે. તે વાંચકોને ઉપયોગી જણાવાથી રજૂ કરવામાં આવ્યા છે. તંત્રી. ]

પ્રશ્ન : અખિલ ઝામ્બિયાના નવમા ભજન સંમેલનમાં ભાગ લેનાર જનતા કેવા પ્રકારની હતી ?

જવાબ : અખિલ ઝામ્બિયાના ભજન સંમેલનનું નવમું અધિવેશન કાબ્વે શહેરમાં યોજાયેલું. તેમાં ભાગ લેનાર જનતા મુખ્યત્વે બે પ્રકારની કહી શકાય : એક પ્રકારમાં ઉચ્ચ શિક્ષણથી સંપન્ન શિક્ષિત લોકો, જ્યારે બીજા પ્રકારમાં સામાન્ય શિક્ષણ પામેલાઓનો સમાવેશ થતો હતો. પરંતુ આ બંને પ્રકારની જનતા ખૂબ જ શ્રદ્ધાળુ, જિજ્ઞાસુ ને ભાવિક



હતી. વળી તેઓમાં પરસ્પર પ્રેમભાવ, સંપ અને સહયોગની ભાવના હોવાથી, એક પ્રકારના ભારતીય ભ્રાતૃભાવનું દર્શન થતું. આખા ઝામ્બિયા દેશમાંથી ૨૫૦૦ જેટલા પ્રતિનિધિઓએ એમાં ભાગ લીધો હતો.

પ્રશ્ન : પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો અંગે લોકોનો પ્રતિભાવ કેવો હતો ?

જવાબ : પૂ. શ્રી યોગેશ્વરજીએ ઝામ્બિયામાં ગુજરાતી, હિન્દી તેમ જ અંગ્રેજી – એમ ત્રણે ભાષાઓમાં પ્રવચનો આપેલાં. પ્રવચનોની ભાષા અંગેનો નિર્ણય ઉપસ્થિત જનમેદનીના પ્રકાર ઉપર આધાર રાખતો.

ઝામ્બિયામાં તેઓએ પ્રથમ પ્રવચન હિંદીમાં આપેલું. એનો વિષય હતો. "જીવનમાં શાન્તિ કેવી રીતે મળે ?" આ પ્રથમ પ્રવચન સાંભળીને, સંમેલનના પદાધિકારીઓ તેમ જ બિનભારતીય પ્રજાજનો પણ ખૂબ પ્રભાવિત થયેલા. ચીંગોલા શહેરના વિદ્વાન શ્રોતા શ્રી મનુભાઈ શાહે મને જણાવેલું કે શ્રી. યોગેશ્વરજીનું પ્રથમ પ્રવચન સાંભળીને જ મને તેઓશ્રી પ્રત્યે ખાસ આદર ને પ્રેમ પેદા થયેલાં. એ પછી મેં એમનાં વધુમાં વધુ પ્રવચનોનો લાભ લેવાનો નિર્ણય કરેલો.

ભજન સંમેલનમાં તેઓશ્રીએ એક પ્રવચન અંગ્રેજી ભાષામાં આપેલું, જે સાંભળીને શ્રોતાઓ મંત્રમુગ્ધ બની ગયેલા; એટલું જ નહિ પરંતુ શ્રી યોગેશ્વરજી આટલું સુંદર અંગ્રેજી બોલી શકે છે, એવી એમને કલ્પના સુદ્ધાં ન હતી. પરિણામે પાછળથી બિનભારતીય લોકો સમક્ષ એમનાં પ્રવચનો અંગ્રેજીમાં ગોઠવાયાં તે ઉપરાંત, કીટ્વે શહેરમાં ટેલિવિઝન ઉપર પણ એમની સાથેની પ્રશ્નોત્તરી અંગ્રેજીમાં પ્રસારિત કરવામાં આવેલી.

ત્યાંના બધા જ શ્રોતાઓને શ્રી યોગેશ્વરજીની સરળ શૈલી, ને અનુભવસંપન્ન વાણીથી ખૂબ જ સંતોષ થયેલો જણાયો.

પ્રશ્ન : પરમ પૂ. શ્રી યોગેશ્વરજીની મુલાકાતના પરિણામે ત્યાંની કોઈ વ્યક્તિઓને–ભારતીય તેમ જ બિનભારતીયને–આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ ખરી ? તેમ હોય તો જણાવવા વિનંતી.

જવાબ : ઝામ્બિયાની યાત્રા દરમ્યાન અધ્યાત્માભિમુખ કહી શકાય એવી જે કેટલીક વ્યક્તિઓને પરમ પૂ. શ્રી યોગેશ્વરજીના સાન્નિધ્યમાં એક યા બીજા પ્રકારે આવવાનું થયું, તેમાંથી નીચેની વ્યક્તિઓને લાભ પ્રાપ્ત થયો એવું જાણી શકાયું છે.

શ્રી ગિરીશભાઈને હઠયોગમાં રસ હોવાથી, તેઓએ કોઈ પણ સ્થૂળ ગુરુના માર્ગદર્શન વગર, જીભની નીચેના ભાગને કાપીને, દોહન કરી મોટી કરેલી. તેઓને ખેચરી મુદ્રામાં ખૂબ રસ હતો. એમની સાધના કંઈક કારણવશાત્ અટકી ગયેલી. તે શ્રી યોગેશ્વરજી સાથેની પ્રથમ મુલાકાત પછી માર્ગદર્શન મળતાં ફરી શરૂ થઈ ગઈ, આમ એમને સારો લાભ પહોંચ્યો.

લુસાકાના શ્રી ઈશ્વરભાઈ પટેલે પૂ. શ્રી યોગેશ્વરજીનું 'શ્રેય અને સાધના' પુસ્તક વાંચેલું. તે પછી તેઓ ઘણા વખતથી પૂ. શ્રીનાં દર્શન ને મુલાકાત માટે ઝંખતા હતા. તેમની આ ભાવના આમ અચાનક પૂરી થવાથી, એમને ખૂબ આનંદ થયો. ને આ મેળાપના પરિણામે એમને સાધનાની દિશામાં પ્રેરણા ને માર્ગદર્શન બંને પ્રાપ્ત થયાં.

લિવીંગસ્ટન શહેરના શ્રી વલ્લભભાઈને એમના નગરમાં જતાં પહેલાં ચાર દિવસ અગાઉ પૂ. શ્રી યોગેશ્વરજી અને



મારું—સ્વપ્નમાં દર્શન થયેલું. પછીની પ્રત્યક્ષ મુલાકાતથી એમને સાનંદ આશ્ચર્ય થયું.

એન્ડોલાના શ્રી બચુભાઈ દેસાઈ દત્ત ભગવાનના ઉપાસક ને પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજના શિષ્ય હતા. તેઓને પૂ. શ્રી યોગેશ્વરજીના દેહમાં ભગવાન દત્તનાં તેમ જ પૂજ્ય શ્રી અવધૂત મહારાજનાં દર્શન થયાં, તેથી એઓને ખૂબ આનંદ થયો.

લુસાકાના શ્રી નાથુભાઈ પટેલને ભગવાન કૃષ્ણની પૂજા પ્રસંગે પૂ. શ્રી યોગેશ્વરજી તથા મારી બંનેની મુખાકૃતિનાં અવારનવાર દર્શન થતાં. આથી એમને અમારા પ્રત્યે ખૂબ ભાવ પેદા થયો.

વળી શ્રી જમિયતરામ શુકલજીને ધ્યાનમાં પ્રાણ છૂટવાનો ને ઊંડી શાન્તિનો ખૂબ રોમાંચક કહી શકાય તેવો અનુભવ થયો. આ અનુભવને લીધે, એમનો ઉત્સાહ સાધનામાં વધી ગયો.

મુફલીરાના શ્રી રાવળભાઈને માત્ર એક દિવસની ધ્યાનની બેઠકમાં ભાવાવેશનો અવનવો અનુભવ થયો. એથી એમને ખૂબ આનંદ થયો.

ચીંગોલાના શ્રી પૉલ નામના એક અંગ્રેજે પૂ. શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન સાંભળ્યું. પછી એમની રૂબરૂ મુલાકાત માંગી. પૂ.શ્રીના સૂચનથી ૩૫ વર્ષથી કરાતું ધૂમ્રપાન તેમણે છોડી દીધું અને સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાના તેમ જ દરરોજ નિયમિત ધ્યાનમાં બેસવાના નિયમો લીધા. તેમની વિનંતિને માન આપી પૂ. શ્રી યોગેશ્વરજીએ એમના કપાળ ઉપર ૐ લખી આપ્યો. આ મંત્ર દીક્ષાના પરિણામે એમનું સમગ્ર જીવન બદલાઈ ગયું. મહિના પહેલાં એમનો પત્ર

પૂજ્યશ્રી ઉપર હતો, તેમાં તેઓએ નવા સાત્ત્વિક જીવનના આચરણથી નવજીવન પ્રાપ્ત થયાનો આનંદ વ્યક્ત કરી, પૂજ્યશ્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

આ સિવાય બીજી ભાવિક વ્યક્તિઓને પણ લાભ થયાનો સંભવ છે, પરંતુ તેની માહિતી મને નથી.

પ્રશ્ન : ભારતના સંતમહાત્માઓ વિષે પૂ. શ્રી. યોગેશ્વરજીના આફ્રિકાના પ્રવાસથી કેવી છાપ ત્યાંના લોકોમાં ઉપસી?

જવાબ : પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ ભારત ઈંગ્લેન્ડ અમેરિકા તેમ જ અન્ય દેશોના પ્રવાસોની જેમ કોઈ પણ પ્રકારના આર્થિક વળતરની અપેક્ષા સિવાય આફ્રિકામાં પ્રવચનો ને સમૂહ ધ્યાનના કાર્યક્રમો કર્યા. વળી ભારતની જેમ ત્યાં પણ તેઓ ભોજન અને પોતાની અંતરંગ સાધના માટેના ચોક્કસ નિયમો ને સિદ્ધાંતો અનુસરતા. તેમજ કાર્યક્રમોમાં સમયની ચુસ્તતા પૂરેપુરી જાળવતા. તેઓ જ્ઞાન, ભક્તિ કે યોગ વિષે જે કંઈ કહેતા તે પોતાના જાતઅનુભવના આધારે કહેતા, એનો પ્રભાવ શ્રોતાઓ ઉપર ખૂબ પડતો. એથી એઓ અન્ય સંતો કે કથાકારો કરતા જુદા તરી આવતા, ને ત્યાંની જનતા એમના પ્રત્યે વિશેષ પ્રકારના આદર ને પૂજ્યભાવથી જોતી.

આમ ભારતના આધ્યાત્મિક સંતો વિષે તેઓ સુંદર છાપ ઊભી કરી શક્યા. એ આપણ સહુ ભારતીયજનો માટે ગૌરવ લેવા જેવી વાત ગણાય.

[ કીટવે શહેરમાં ટેલિવિઝન ઉપર પૂજ્ય શ્રી યોગેશ્વરજીને પૂછવામાં આવેલ પ્રશ્નોમાંથી કેટલાક મહત્ત્વના પ્રશ્નોના જવાબો ટૂંકમાં અહીં શ્રી સર્વેશ્વરીએ આપ્યા છે. ]

પ્રશ્ન : યોગ એટલે શું?



જવાબ : યોગ પરમાત્માને ઓળખવાની સાધના છે. એ દ્વારા માનવ પોતાના સ્વરૂપને અનુભવી શકે છે, ને સમસ્ત જગત સાથે એકતા સાધે છે.

પ્રશ્ન : તમને ઈશ્વરદર્શન થયું, તે કઈ રીતે માની શકાય?

જવાબ : તમારો પ્રશ્ન મહત્ત્વનો છે. તમે કહી શકશો કે તમે મારું દર્શન કઈ રીતે કરી શકો છો? "તમોને હું જોઈ શકું છું. તમારી સાથે વાત કરી શકું છું. તમારો સ્પર્શ કરી શકું છું. આમ મારો આ પ્રત્યક્ષ અનુભવ છે. એમ હું કહી શકું છું." બરાબર. તમો જે રીતે મને જોઈ શકો છો, મારી સાથે વાત કરી શકો છો, મારો સ્પર્શ કરી શકો છો, બરાબર એ જ પ્રમાણે હું ઈશ્વરના રૂપને જોઈ શકું છું, તેની સાથે વાત કરી શકું છું. તેનો સ્પર્શ પણ માણી શકું છું. આ રીતે પણ મારો પ્રત્યક્ષ અનુભવ છે. આનાથી વધારે સાબિતી શું જોઈએ?

પ્રશ્ન : આત્મદર્શન કે ઈશ્વરદર્શન પછી જીવનમાં શા ફેરફાર થાય?

જવાબ : આત્મદર્શન પછી સમસ્ત જીવન નિર્મળ, પવિત્ર, અનાસક્ત ને પ્રભુપ્રેમથી સંપન્ન થઈ જાય છે, વળી બીજાને માટે જિવાતુંય થઈ જાય છે. વ્યવહાર કરવા છતાં જીવનમાં ક્યાંય આસક્તિ થતી નથી, ક્યાંય મોહ થતો નથી.

# યૌગિક ટ્રાન્સ – અને ડૉ. સ્વામી પ્રભાનંદગિરિ

ડૉ. સ્વામી પ્રભાનંદગિરિ
એલ. આઈ. જી. ૫૬૭, આનંદનગર
ભાવનગર-૩૬૪ ૦૦૫ ફોન: ૬૮૮૬




ડૉ. સ્વામીના ગુરુ
પ. પૂ. શ્રી નારાયણ સ્વામી



ડૉ. સ્વામી પ્રભાનંદગિરિ

[ બે મહિના પહેલાં, 'અધ્યાત્મ'ના કામ અંગે મારે મારા એક મિત્રને ત્યાં જવાનું થયું. એમને ત્યાં કબાટમાં બે ફોટા-ઓની નાની કોપીઓ હતી. એમાંની એક કોપીમાં એક સંત પુરુષ સમાધી અવસ્થામાં–જમીનથી ઉપર–ઊઠેલી અવસ્થામાં

ડૉ. સ્વામી પ્રભાનંદ યૌગિક ટ્રાન્સમાં. (સમાધિમાં દેહોત્થાન) →



બેઠેલા જોયા. આથી સ્વાભાવિક રીતે મેં તેમનો પરિચય પૂછ્યો. ઉત્તરમાં તે ભાઈની પત્નીએ જણાવ્યું કે એમનું નામ ડૉ. સ્વામી પ્રભાનંદગિરિ છે ને હાલ તેઓ ભાવનગરમાં વિરાજે છે. એ રીતે એ નાનો ફોટો પરસ્પરના મિલનનું નિમિત્ત બન્યો.

એ પછી ડૉ. સ્વામી પ્રભાનંદજીને ઘણી વાર મળવાનું થયું. એમણે પોતાના વિષે જે ટૂંકો પરિચય આપ્યો તે આ પ્રમાણે છે. —તંત્રી ]

શ્રી પ્રભાનંદગિરિનું મૂળ વતન કેરાલા છે. પરન્તુ ભાવનગરમાં ૩૫ વર્ષ પહેલાં આવેલા અને ભાવનગરના ગોરડના સ્મશાન પાસેની જગામાં નિવાસ કરતા પ. પૂ. શ્રી નારાયણ સ્વામીના તેઓ શિષ્ય છે. એમના ગુરુનો સ્વર્ગવાસ થયો છે.

પોતાના ગુરુનો પરિચય આપતાં એમણે કહ્યું પૂ. શ્રી. નારાયણ સ્વામી ૪૦ વર્ષ કરતાં વધુ વખત ભાવનગરમાં રહ્યા. પરન્તુ અહીંના લોકો તેમને ખાસ ઓળખી શક્યા નહિ. તેઓશ્રી હઠયોગી હોવા છતાં, રાજયોગમાં નિપુણ એવા એક મહાન આત્મદર્શી સંત હતા. પરંતુ પ્રસિદ્ધિથી હંમેશા દૂર ભાગતા ને એકાંતમાં રહી સાધના–ભજન કરતા. એટલું જ નહિ પરંતુ આસપાસમાં રહેતા ગરીબો ને ગાયોની ખૂબ પ્રેમપૂર્વક સેવા કરતા. માગવા આવેલો કોઈ પણ ગરીબ માણસ કદી તેમની પાસેથી ખાલી હાથે પાછો ગયો નથી.

જ્યાં દિવસે પણ જવાનું માણસો ટાળે, તેવી બિહામણી સ્મશાન પાસેની નિર્જન જગ્યામાં તેઓ રહેતા. તેઓએ રહેવા માટે આ સ્થાન કેમ પસંદ કર્યું, તે તો કોણ કહી શકે? પરન્તુ આ સ્થાનમાં 'ગંગાપુરી' નામનાં એક વૃદ્ધ સંન્યાસિની રહેતા હતા. તેમના પુત્ર સહિતની સમાધિ આ સ્થાનમાં જ



છે. એમને મેં જોયાં નથી પરન્તુ એઓ પણ સિદ્ધકોટિના હોવાં જોઈએ. નહિ તો આ સ્થાનમાં રહી શકે જ નહિ! તેમની અંતિમ ઇચ્છા પૂર્ણ કરવા જ સ્વામીજીએ આ 'ગંગાપુરી' આશ્રમ બનાવ્યો.

વિશેષમાં તેઓશ્રીએ ઉમેર્યું "હું ૧૯૪૪માં અહીં આવ્યો ત્યારે માત્ર એક નાની ઝૂંપડી હતી. અત્યારે અહીં જે આશ્રમ છે તેનો પ્રારંભ મારા આવ્યા પછી જ થયો હતો. મારી પાસે તે વખતે થોડી મૂડી હતી તેના વડે તેનો પ્રારંભ થયેલો અને ભાવનગરના મારા ગુરુદેવના અનન્ય ભક્ત શ્રી ત્રિભોવનદાસ લાલજી પટેલે એ આશ્રમ બાંધવાની વ્યવસ્થા કરી.

"આશ્રમમાં 'મા' ભવાનીની તેમજ હનુમાનજીની બંને છ છ ફૂટ ઊંચી મૂર્તિઓ છે. ગુરુદેવ હઠયોગી હોવા છતાં, તેઓ મા ભવાનીના પરમ ઉપાસક હતા. તેઓ તાંત્રિક માર્ગે 'મા'ની ઉપાસના કરતા તેમના આશ્રમમાં વહેલી સવારે ત્રણ વાગે પહેલી આરતી થતી ને દુર્ગાસપ્તશતી સાથે લલિત સહસ્રના મંત્રોથી આખો આશ્રમ ગૂંજી ઊઠતો."

તેઓશ્રીના ગુરુ હતા–અવધૂત સ્વામી શ્રી ભૂરાનંદજી. તેઓએ તે જમાનામાં એમ. એ. સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. પૂ. શ્રી. નારાયણ સ્વામી પણ સારું અંગ્રેજી બોલી શકતા, પરન્તુ તેઓએ પોતાના શિક્ષણ વિષે કદીપણ કોઈને વાત કરી નથી. તે જમાનામાં તેઓશ્રીની પાસે ભાવનગર રાજ્યના મોટા મોટા અમલદારો તેમ જ બીજાઓ આવતા, જેમાં શ્રી ગજાનનભાઈ ભટ્ટ, શ્રી. જે. એમ. પંડ્યા, શ્રી. આર. એસ. દવે, પ્રો. રવિશંકર જોષી, શ્રી. જી. ડી. પુરી, શ્રી. એ. ડી. જોષીનો સમાવેશ થતો.

આજે પોતે જે કંઈ છે, અને પોતાને જે કંઈ આત્મિક માર્ગે પ્રાપ્ત થયું છે, તે પોતાના ગુરુદેવની કૃપાને આભારી

છે, એની વાત કરતાં સ્વામી શ્રી પ્રભાનંદજી લાગણી સભર બની ગયા. ને પછી ઉમેર્યું, "હું એમની પાસે ચારેક વર્ષ (૧૯૪૪ થી ૧૯૪૮) રહ્યો, ત્યારે મને તેઓએ જે તાલીમ આપી તે અભૂતપૂર્વ હતી. તેઓ વહેલી સવારે મને ઉઠાડતા. અને યોગસાધનાનાં કેટલાય રહસ્યો પ્રેમપૂર્વક સમજાવતા. કદીક સ્પર્શ પણ કરતા જેના પરિણામે શરીરમાં ઝંકૃતિ થતી. એનું અનુસરણ કરીને પાછલાં વર્ષોમાં મને જીવનમાં શાંતિની પ્રાપ્તિ થઈ."

'યોગિક ટ્રાન્સ'—એટલે કે ધ્યાનાવસ્થામાં સાહજિક રીતે જમીનથી ઉપર ઊડવાની ક્રિયાને તેઓ જાદુગરના ખેલ જેવી ગણતા નથી. એમને મન આ અવસ્થા ધ્યાન–અને સમાધિમાં આગળ વધેલા યોગીઓને પ્રાણ ઉપરના કાબૂને લીધે પ્રાપ્ત થતી સહજ અવસ્થા છે. ઘણી વાર સમાધિમાં ડૂબી ગયેલા યોગીની જાણ બહાર પણ આવું સહજ રીતે બની જાય છે, એમ પણ એમનું કહેવું છે. વળી હઠયોગ દ્વારા પણ તે સિદ્ધ થઈ શકે છે.

પૂ. શ્રી નારાયણ સ્વામીના શિષ્યોમાં ભાદરણવાળા સ્વામી કૃષ્ણાનંદજી, જામનગર જિલ્લામાં લાલપુર પાસે સ્વામી પ્રેમગિરિજી અને સાવરકુંડલા પાસે વડલીમાં સ્વામી રામાનંદગિરિનો સમાવેશ થાય છે.

પોતે ૩૫ વર્ષ સાધના અને સમગ્ર દુનિયામાં વિચરણ કર્યા પછી પોતાના ગુરુના આદેશથી ભાવનગર આવ્યા છે. એ માટેનો એમનો પ્રધાન ઉદ્દેશ ભાવનગર ખાતે International Spiritual Assosiation & Yoga Institute નામની સંસ્થા શરૂ કરવાનો છે. અહીં આવી તેઓએ પોતાના ગુરુની સમાધિ ઉપર શિવાલય બાંધવાનું પ્રથમ કામ કર્યું છે અને હવે ઉપરોક્ત સંસ્થા માટેનું ટ્રસ્ટ રચાઈ રહ્યું છે.



આ ટ્રસ્ટના પ્રધાન ઉદ્દેશો—વિશ્વબંધુત્વની ભાવનાની સાથે સાથે, વેદાંત અને યોગનું શિક્ષણ લોકોને પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા ગોઠવવાનો, ભારતીય તત્ત્વજ્ઞાન અને યોગના જ્ઞાનનો ભારત અને બહારની દુનિયામાં પ્રસાર કરવાનો તેમ જ માણસમાં રહેલી નિગૂઢ ચેતનાને જાગૃત કરી, વધુ ઉચ્ચ અને પવિત્ર જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડવાના છે.

ડૉ. પ્રભાનંદગિરિએ વિજ્ઞાનની ઉચ્ચ પદવી સાથે દાક્તરી વિજ્ઞાનનો પણ અભ્યાસ કર્યો છે. આજે પણ હઠીલાં દર્દોના તેઓ આયુર્વેદિક પદ્ધતિએ ઉપચાર કરે છે. આવું કરવા પાછળ તેમનો હેતુ ડૉ. સ્વામી સરળ અને પ્રેમાળ સ્વભાવના છે. કોઈ પણ મુલાકાતી પૂર્વ સમય લીધા સિવાય તેમને ગમે ત્યારે મળી શકે છે. દિવસ કે રાતના કોઇ પણ સમયે તેમને વિના સંકોચ મળી શકાય છે.

એમની સાધનપદ્ધતિ પણ સરળ છે. તેઓ કહે છે, "હરેક માણસના ઉચ્છવાસ સમયે 'હમ્' અને શ્વાસ લેતાં, 'સો' અવાજ થાય છે. અજાણતાં આ પ્રમાણેની શ્વાસોશ્વાસની પ્રવૃત્તિ તો ચાલ્યાં જ કરે છે. પરંતુ જો આ 'હમ્–સો' ને ઉલટાવીને, 'સોહમ્'ના જાપ માણસ સભાનતાપૂર્વક કરે, તો તેને બીજું કોઈ પણ સાધન કરવાની જરૂર રહેતી નથી. આ 'સોહમ્' એટલે જ 'I am Thyself' 'હું તે છું.' બીજા શબ્દોમાં 'હું, પ્રભુ કે શિવ છું.' માણસ જેનું સતત ચિંતન કરે તેવો તે થાય છે, એ ન્યાયે આ સાધનાના વિકાસના પરિણામે માણસનું પણ ક્રમિક રૂપાંતર થતું જાય છે. અને સાધનાના અંતિમ તબક્કામાં તે પ્રભુ સાથે સંપૂર્ણ ઐક્ય અનુભવતો થાય છે.

તેમના મતાનુસાર સોહમના જપ શવાસનમાં કરી શકાય છે. વહેલી સવારના એક કલાક અને એક કલાક સૂતાં પહેલાં

નિયમિત રીતે કરવા જોઈએ. દિવસમાં ભોજન લીધા પછી, ત્રણ કલાક પછી ગમે ત્યારે આ જાપ શવાસનમાં કલાક કલાક કરવામાં આવે તો તેનું પરિણામ છ માસમાં અવશ્ય પ્રાપ્ત થાય છે, એવો એમનો દાવો છે.

વિવિધ સાધનોનું અંતિમ લક્ષ તો સ્વરૂપની પ્રાપ્તિ કે આત્માની અનુભૂતિ છે. એ લક્ષ કદી ન ચુકાય અને માર્ગમાં આવતી સિદ્ધિ કે ચમત્કારોની ભુલભુલામણીમાં અટવાઈ ન પડાય, તેનું સાધકે સતત ધ્યાન રાખવું જરૂરી છે.


અધ્યાત્મના વાંચનથી

આધ્યાત્મિક બનો...

અને

અમારી બેન્કમાં ખાતું ખોલાવી

અમને ઉપકૃત કરો.

સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા

સરદારનગર એરિયા શાખા

ફોન નં. ૭૦૩૩ * ભાવનગર-૧




# પ્રશ્નોત્તરી

પ્રશ્ન : આપણાં શાસ્ત્રોમાં સંતોષી માનો ઉલ્લેખ નથી આવતો. આમ છતાં છેલ્લાં ત્રીસેક વર્ષથી સંતોષી માની ઉપાસના બહેનો કરતી જોવામાં આવે છે ને શુક્રવારનું વ્રત વગેરે કરે છે. તો શું ' સંતોષી મા ' જેવાં કોઈ દેવી છે ખરાં ને તેમની ઉપાસના કરવી યોગ્ય છે ખરી ?

જવાબ : એ વાત સાચી છે કે આપણા શાસ્ત્રગ્રંથોમાં ' સંતોષી મા 'નો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી. આમ છતાં મહામુનિ માર્કન્ડેયના દુર્ગાસપ્તશતી ગ્રંથમાં તેઓએ લખ્યું છે કે :

**या देवी सर्वं भूतेषु तुष्टिरुपेण संस्थिता।**
**नमस्तस्मै नमस्तस्मै नमस्तस्मै नमोनमः॥**

આમાં ' તુષ્ટિરૂપે ' એટલે કે સંતોષરૂપે રહેલી વૃત્તિને મુનિએ ભગવદ્ભાવે નમસ્કાર કર્યા છે. આજ વૃત્તિ કે ભાવનાનું સાકાર સ્વરૂપ એટલે ' સંતોષી મા '; એમ કહી શકાય.

ઉજ્જૈનમાં હરસિદ્ધ માતાના મંદિરના નીચેના ભાગમાં ' સંતોષી મા 'નું સ્થાન હાલ છે. વળી ભગવતી જગદંબાના લલિતા સ્વરૂપનું પૂજન શુક્રવારે કરવામાં આવે છે. ' સંતોષી મા ' એ આ લલિતાદેવીનું બીજું સ્વરૂપ દેવી ઉપાસકો માને છે. એ રીતે, ' સંતોષી મા 'ની પૂજા શ્રદ્ધાપૂર્વક બહેનો કરે તેમાં કંઈ ખોટું નથી.

❋

પડયાં ઉછળીને મોજાં
નાવમાં, એના ચરણસ્પર્શે
શું સાગરનેય ભવસાગર, તરી જવાની ઇચ્છા થઈ !

નાઝીર દેખૈયા

જીવનમાં મનને ઠીક કરવાથી બધું ઠીક થઈ જાય છે, પરંતુ મન બગડી જતાં સારું જીવન બગડી જાય છે એટલે જ મનની સુધારણા માટે જપ, તપ, ધ્યાન, ધારણા વગેરેનો આશ્રય લેવો પડે છે.

શ્રી યોગેશ્વર

## મોર્ડન કોમર્સીઅલ કોર્પોરેશન

૨૨, કુંભાર ટુકડા, સી. પી. ટેન્ક રોડ, મુંબઈ–૪
ફોન : ૩૧૧૯૬૫

સપ્લાયર ઓફ આયર્ન, સ્ટીલ એન્ડ ઓલ અધર મટીરીયલ્સ
ટુ ફેક્ટરીઝ

Gram : NAYAMAP Phone : O/53428 R/51825

## Standard Mechanical & Iron Works

*Manufacturers & Dealers in :* All Sorts of Scales, Weights, Measures, Platform M/cs. Sports Goods & Manhole Covers.

*Chief Stockist :* 'Salter' Spring Balances

*Agent :* 'Soehnle' Counter Scales

*Distributors :* Oriental Metal Pressing Works Private Ltd.

Pratap Nagar Road, Behind Apsara Cinema, Baroda

*With Best Compliments from :*

## Kansara Bros.

**Engineers & Contractors**

P. W. D. Government Approved Contractor

*Head Office :*

Stone Crusher, VASONA
Dadra & Nagar Haveli
(SILVASSA)

●

*Branch :*

C/o. K. P. KANSARA
Chawda Bhuvan
Kanchan Nagar, Silvassa Road
VAPI - 396 191
Dist. Bulsar (Gujarat)

Phone : 83666

Vijay M. Mistry

B. E. (Civil)

Designer Engineer & Builders

*Specialist in :*

Guniting Pile Foundation & Bridge Works

A/5, Binita Apartments, Ambawadi

AHMEDABAD - 380 015